# આત્મવાદ

: લેખક :

મુનિરાજ શ્રી. ધુરન્ધરવિજયજી

श्री जैन साहित्य वर्धक सभा

णमो णमो णाणदिवायरस्स

શ્રી વૃદ્ધિ-નેમિ-અમૃત-ગ્રન્થમાલા-ગ્રન્થાંક ૧૩

# આત્મવાદ

લેખક

શ્રીમન્નેમ્યમૃત-પુણ્ય-પાદપદ્મપરાગ-
રાગલીનાદીનપીનમનોદ્વિરેફો
મુનિ ધુરન્ધરવિજયઃ

પ્રકાશિકા

શ્રી જૈન સાહિત્યવર્ધક સભા

ભાવનગર

મૂલ્ય ૦-૮-૦

પ્રાપ્તિસ્થાન.
શાહ બાલુભાઇ રૂગનાથ
જમાદારની શેરી-ભાવનગર

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ
મહોદય પ્રીન્ટીંગ પ્રેસ-ભાવનગર

વીર નિર્વાણ સંવત્ ૨૪૭૩
વિક્રમ સંવત્ ૨૦૦૩
ઇસ્વી. સન ૧૯૪૭

# આત્મવાદ

આત્માના સમ્બન્ધમાં જુદી જુદી અનેક વિચારણાઓ ચાલે છે. ચાર્વાકો આત્મતત્ત્વને સ્વીકારતા જ નથી. બૌદ્ધો એકાન્ત ક્ષણિક ને જ્ઞાનસન્તાનમય જ માને છે. વેદાન્તીઓ એકાન્તનિત્ય ( કુટસ્થનિત્ય ) અને કેવળ જ્ઞાનસ્વરૂપ એક સ્વીકારે છે. નૈયાયિકો વ્યાપક, મુક્ત થયે છતે જડ અને જીવાત્મા પરમાત્માધીન છે એમ માને છે. સાંખ્યો નિત્યનિર્ગુણી કહે છે. આ સર્વ વિચારણાઓ દૂષિત છે. સ્યાદ્વાદી તે તે વિચારણાઓ કઇ રીતે દૂષિત છે તે જણાવી શુદ્ધ આત્મસ્વરૂપ શું છે ? તે બતાવશે.

તેમાં પ્રથમ આત્મસિદ્ધિ આ પ્રમાણે છે. ' આત્મા છે ' એ સમજવા માટે કેશિ ને પ્રદેશી વચ્ચેનો સંવાદ ઘણો જ સુન્દર ને સચોટ છે.

# પ્રકરણ પહેલું

## ( આત્મસિદ્ધિ )

### કેશિ-પ્રદેશીસમાગમ—

( ૧ )

ઘણા સૈકાઓ પૂર્વે આ ભરતમાં શ્વેતામ્બિકા નગરીમાં નાસ્તિકશેખર પ્રદેશી રાજાનું શાસન પ્રવર્તતું હતું. તે રાજ્યમાં રાજાના વિચારને અનુકૂલ ચિત્ર નામનો મુખ્ય મંત્રી હતો.

તે સમયે ભારતના ભવ્યાત્માઓના ભાગ્યથી આ ભૂમિતલને, ચાર જ્ઞાનની સમ્પત્તિવાળા શ્રી કેશી ગણધર મહારાજા પાવન કરી રહ્યા હતા.

એકદા શ્રી કેશી ગણધર મહારાજ વિહાર કરતા કરતા શ્રાવસ્તી નગરીમાં પધાર્યા. ત્યાં તેઓશ્રીના દર્શન, વન્દન ને ધર્મશ્રવણ કરવા માટે અનેક લોકો આવવા લાગ્યા.

તે જ સમયે પૂર્વજન્મના કોઈ અપૂર્વ પુણ્યના યોગે શ્વેતામ્બિકાથી ચિત્ર મંત્રી પણ શ્રાવસ્તીપુરીમાં રાજ્યકાર્યને માટે આવ્યો હતો.

લોક લોકને અનુસરે છે. તે મુજબ ઘણા લોકોને કેશિ ગણધર ભગવંત પાસે જતાં જોઇને કુતૂહલથી ચિત્ર મંત્રી પણ ત્યાં ગયો.

ધર્મથી વિમુખ ને નાસ્તિક વિચારનો જાણીને શ્રી કેશી ગણધર મહારાજે તેનો તિરસ્કાર ન કરતાં ધર્મ સન્મુખ કરવા માટે તેને મધુર વચને બોલાવ્યો, ને તેના મનોગત વિચારો કહ્યા; તેથી ચિત્ર મંત્રી ખૂબ આશ્ચર્ય પામ્યો. તેને ગુરુ મહારાજ ઉપર બહુમાન ઉત્પન્ન થયું. તેણે શાન્તિપૂર્વક

ધર્મશ્રવણ કર્યું. તેને ધર્મશ્રદ્ધા થઈ અને સમ્યક્ત્વમૂલ ધર્મ સ્વીકાર્યો.

પોતાને સમજાયેલ સારા માર્ગને પોતાના સમ્બન્ધિઓ પણ અનુસરે એવી ભાવના ને પ્રયત્નો સજ્જનો સદા કરે છે. મંત્રીને પણ સાચો રાહ સમજાયા પછી રાજાને ધર્મમાર્ગ પર લાવવાની તીવ્ર ભાવના જાગૃત થઇ. તેણે ગુરુમહારાજને વિનવ્યું—

"ભગવંત! આપ તો વિશ્વવત્સલ છો, પણ અમારી નગરી અને રાજ્ય નાસ્તિક રાજાના સખત શાસનને લીધે આપ સમા ગુરુમહારાજના આવાગમનથી વંચિત રહે છે. કૃપા કરી આપ શ્વેતાંબિકા નગરી પધારશો તો આપની અપૂર્વ શક્તિ, જ્ઞાન અને લબ્ધિના પ્રભાવથી અમારો નાસ્તિક રાજા આસ્તિક બનશે. ત્યાં ધર્મનું સામ્રાજ્ય પ્રવર્તશે, ને ઘણા જીવોને ઉપકાર થશે." 'જેવી ક્ષેત્ર સ્પર્શના–વર્તમાનયોગ' એમ કહી શ્રી કેશિ મહારાજે અનુકૂળતાએ તે તરફ વિહરવા ભાવના દર્શાવી.

ચિત્ર મંત્રી આનન્દિત થયો. શ્રાવસ્તિનું કાર્ય સમાપ્ત કરી તે નિજ નગરે આવ્યો. આવીને તેણે ઉદ્યાનપાલક(માળી)ને સમજાવ્યું કે "જ્યારે કોઇ પણ ગુરુમહારાજ અહિં પધારે ત્યારે પ્રથમ મને ખબર આપજે." મંત્રીના મનમાં હતું કે જો પહેલેથી રાજાને ખબર પડશે તો મહારાજશ્રીનું અપમાન કરશે ને તેમને અહિં રહેવાનો પણ પ્રતિબન્ધ મૂકશે. એમ ન બને માટે માળીને સૂચના કરી.

× × ×

શ્રી કેશિ ગણધર કાળાન્તરે વિહાર કરતા કરતા શ્વેતામ્બિકા નગરીના ઉદ્યાનમાં સમવસર્યા. પૂર્વે મંત્રીએ સંકેત કર્યા પ્રમાણે ઉદ્યાનપાલકે ગુરુમહારાજશ્રીના આગમનના

સમાચાર ગુપ્ત રીતે મંત્રીને પહોંચાડયા. ધર્મ પ્રભાવના કરતા કરતા મહોત્સવપૂર્વક ગુરુમહારાજને વંદન કરવા જવાની મંત્રીને ઉત્કટ ભાવના હતી, પણ 'કોઇ સાધુ આવ્યા છે' એ વાત રાજા જાણે તો અવજ્ઞા કરે–મહારાજનું અપમાન કરાવી કાઢી મુકાવે ને તેથી લાભ થવાને બદલે ઊલટું નુકશાન થાય એટલે મંત્રીએ સમાચાર જાણી પોતાને સ્થાને રહીને ગુરુ-મહારાજશ્રીને ભાવ વંદન કર્યું.

મંત્રીએ વિચાર્યું કે–હવે ગુરુમહારાજના આગમનની જાણ રાજાને બીજો કોઇ ન કરે તે પહેલાં જ હું કોઈપણ યુક્તિથી તેને ગુરુમહારાજશ્રી પાસે લઇ જઉં. વિચાર ગોઠવીને મંત્રી રાજા પાસે આવ્યો ને કહ્યું–

"દેવ! અશ્વક્રીડા કરવાનો સમય આજ ઘણો અનુકૂળ છે. ઋતુરાજ વસન્તનું આગમન થયું છે. વાયુ પણ સુંદર વાય છે. ઝાડપાન, ફલફૂલ વગેરેથી વનભૂમિ વિહાર કરવા યોગ્ય બની છે. જો આપનો આદેશ હોય તો અશ્વપાલકને અશ્વ સજ્જ કરવા આજ્ઞા કરું."

મંત્રીના વચનથી રાજાને અશ્વક્રીડા કરવાની ભાવના જાગૃત થઈ અને તેણે મંત્રીને અશ્વો તૈયાર કરાવવા કહ્યું.

મંત્રી ધીરે ધીરે રાજાને અશ્વક્રીડા કરાવતો કરાવતો જે ઉદ્યાનમાં શ્રી કેશિ ગણધર મહારાજ મધુર ધ્વનિથી દેશના દેતા હતા તે ઉદ્યાન તરફ લઇ ગયા. રાજા ને મંત્રી પરિશ્રમ દૂર કરવા એક એક વૃક્ષની સુન્દર છાયામાં બેઠા. ચિત્ત શાન્ત થયું એટલે રાજાએ મહારાજશ્રીનો મધુર ધ્વનિ સાંભળ્યો ને મંત્રીને પૂછયું કે—

"આ સુન્દર ધ્વનિ કોનો છે ને કયાંથી આવે છે?"

"મહારાજ! મને ખબર નથી, ચાલો આપણે ઉદ્યાનની

મનોરમતા નિહાળીએ ને જોઇએ કે આ અવાજ કોનો છે?"

મંત્રીએ ખબર છતાં રાજાને મહારાજશ્રી પાસે લઇ જવા એ પ્રમાણે કહ્યું. રાજા ને મંત્રી વનની સુન્દરતા જોતાં જોતાં શ્રી કેશિ ગણધર જ્યાં ધર્મવ્યાખ્યાન કરતા હતા ત્યાં આવ્યા. એકાએક સાધુમહારાજને જોઈને રાજા મંત્રીને કહેવા લાગ્યો—

"મન્ત્રિન્! આ મૂંડો શું બરાડે છે? આપણા દેશમાં આ લૂંટારો ક્યારે આવ્યો? આ લુચ્ચા લોકો આંગળી બતાવે પહોંચો કરડી ખાય એવા હોય છે, માટે હમણાં ને હમણાં આ બાવાને આપણી હદ બહાર કાઢી મૂકો કે જેથી બીજા દેશની જેમ આપણા દેશને પણ તે ન બગાડે."

મંત્રી બુદ્ધિમાન્ ને કુશલ હતો. રાજાના હુકમ પ્રમાણે કરવા માટે તુરત જ તે થોડે દૂર ગયો ને વળી પાછો વળીને રાજાને કહેવા લાગ્યો.

"દેવ! આ પ્રમાણે આપણે આને આપણા દેશ બહાર કાઢી મૂકશું તો તે અહીંથી બીજા દેશમાં જઇને લોકોની આગળ આપણી નિન્દા કરશે ને કહેશે કે-' શ્વેતામ્બિકાનો રાજા પ્રદેશી મૂર્ખનો સરદાર છે, કંઇપણ જાણતો નથી ને ગુણી પુરુષોનું અપમાન કરે છે' માટે આપ તેની સાથે વાદ કરો ને તેને નિરુત્તર બનાવો કે જેથી માનરહિત થઈ તે પોતે સ્વયં અહીંથી ચાલ્યો જાય. વળી વાદવિવાદમાં આપની સામે ઉત્તર આપવા માટે ખૂદ બૃહસ્પતિ પણ સમર્થ નથી તો આ બિચારાનું શું ગજું?"

મન્ત્રીના કથનથી રાજાને ઉત્સાહ ચડ્યો. તે શ્રી કેશિ ગણધર પાસે જઈને કહેવા લાગ્યો.

"હે આચાર્ય! તું અહિં ક્યારે આવ્યો છે?"

મહારાજે કહ્યું—'હમણાં જ.' પછી રાજા ને મંત્રી ઉચિત આસને બેઠા.

એ પ્રમાણે કુશલ ચિત્ર મંત્રીએ શ્રી કેશિમહારાજ સાથે પ્રદેશી રાજાનો સમાગમ યુક્તિથી કરાવી આપ્યો.

(૨)

**રાજા પ્રદેશીનું નાસ્તિક રીતિનું કથન—**

શ્રી કેશિગણધર મહારાજ પાસે બેઠા પછી પ્રદેશી રાજા ઉદ્ધતાઇથી કહેવા લાગ્યો—

"હે આચાર્ય! તેં કઇ કઇ જાતની ધૂર્ત વિદ્યાઓનો અભ્યાસ કર્યો છે કે જેથી આ ભોળા લોકોને ભરમાવે છે? વળી તારું મુખારવિન્દ જોતાં તું કોઇ રાજપુત્ર હો એમ લાગે છે, તો આ ભોગ ભોગવવાના ખરા સમયમાં આ બધું પાખંડ શું આદર્યું છે? **अशक्तिमान् भवेत् साधुः** (બળહીન બાવા બને) માટે છોડ આ બધું ને ચાલ મારો માંડલિક રાજા થઇ જા. આ ઉત્તમ જાતિના મારા અશ્વ પર સવાર થઇ જા, મારા દેશને તારી ઇચ્છા મુજબ ભોગવ ને જન્મને સાર્થક કર. ફોગટ તપ-જપનાં કષ્ટો કરવાથી શું? કદાચ તને એમ હોય કે આ કષ્ટ ક્રિયાકાંડો કરવાથી આત્માનું કલ્યાણ થાય, આત્માનો ઉદ્ધાર થાય; પણ તે તારો નર્યો ભ્રમ છે. તને કોઇએ સમજાવ્યું હોય તો તને છેતર્યો છે; કારણ કે-**આત્મા** નામની આ વિશ્વમાં કોઇ વસ્તુ છે જ નહિં તો તેના ઉદ્ધારની વાત શી? તેને માટે કાંઈપણ કરવું એ વાંઝણીને છોકરો ઉત્પન્ન કરવા માટે મહેનત કરવા જેવું છે."

**'આત્મા નથી' એ સમ્બન્ધમાં પ્રદેશીનું મંડન—**

"વળી હે આચાર્ય! 'આત્મા નથી' એમ જે હું કહું છું

એ વગર વિચારે–એમ ને એમ દીધે રાખું છું એમ ન સમજતો. મેં આત્માની ખૂબ ખોજ કરી છે. આત્માને જોવા માટે અનેક પ્રયત્નો કર્યાં છે, છતાં કોઇપણ સ્થાને કોઇપણ રીતે આત્મા ન જ મળ્યો એટલે મેં નિર્ણય કર્યો કે 'આત્મા છે' એમ જે કહેવાય છે તે મિથ્યા છે.'

"સાંભળ!–આત્મા માટેની મારી મહેનત–તપાસ આ પ્રમાણે હતી—'

(૧) મારી માતા ધર્મિષ્ઠ શ્રાવિકા હતી, તે મારામાં ધર્મના સંસ્કાર પાડવા માટે ઘણો જ પ્રયત્ન કરતી ને મારા પિતા નાસ્તિક હતા. તે મને 'ધર્મ વગેરે સર્વ હંબગ (Humbug) જૂઠું છે.' એમ કહીને ધર્મથી વિમુખ બનાવવા યત્ન કરતા. માતા ને પિતા બન્નેને હું ખૂબ પ્રિય હતો.

"જ્યારે મારી માતા મરણ પામી ત્યારે મેં તેને કહ્યું કે– 'હે મા! તેં દયામૂલ ધર્મની આરાધના ખૂબ કરી છે તેથી તું અવશ્ય સ્વર્ગમાં જઇશ, માટે ત્યાં ગયા પછી મને પ્રતિબોધ કરવા માટે આવજે કે જેથી હું ધર્મ પર શ્રદ્ધાલુ બની અહિંસામય ધર્મની સેવના કરીશ.'

"મારા પિતાના અવસાન સમયે પણ મેં તેમને જણાવ્યું હતું કે–'હે પિતા! તમે વાસ્તવિક તો કંઈ પણ ધર્મ કર્યો નથી એટલું જ નહિં પણ કેવળ ધર્મની નિન્દા કરી કરીને પાપ જ ઉપાર્જન કર્યું છે, માટે તમે નિશ્ચયે નરકે જવાના છો તો ત્યાં ગયા બાદ મને કહેવા આવજો કે 'પાપ કરવાથી હું નરકમાં દુઃખ ભોગવું છું' જેથી હું નાસ્તિક ન બનતા ધર્મિષ્ઠ બની સ્વર્ગમાં જઇશ.'

"તે બન્નેના મૃત્યુ પછી ઘણો કાળ મેં તેમના આગમન-

ની પ્રતીક્ષા કરી, પરંતુ ઘણો સ્નેહ દેખાડતાં એ બન્નેમાંથી કોઇપણ આવ્યું નહિં, એટલે મેં જાણ્યું કે–' ધર્મ કરવાથી પુણ્ય થાય છે ને તેથી આત્મા સ્વર્ગે જાય છે, અધર્મ કરવાથી પાપ બંધાય છે ને પાપનો ભાગી જીવ નરકે પીડાય છે ' એ સર્વ જૂઠ છે.

( ૨ ) " આત્માની શોધ માટે મેં એક વખત દેહાન્તદંડની શિક્ષા પામેલા એક ચોરના જીવન્ત શરીરના નાના નાના ટુકડા કરાવીને તે દરેક ટુકડામાં આત્માની ઘણી તપાસ કરાવી પણ એકેમાં આત્મા મળ્યો નહિં. એટલે મને લાગ્યું કે ' આત્મા નથી. '

( ૩ ) " બીજી વખત મેં એવા જ એક ચોરનું જીવતા વજન કરાવ્યું, ને પછી તેને મારીને તેનું વજન કરાવ્યું તો તે બન્ને વખતના વજનમાં અંશમાત્ર ફેર પડ્યો નહિં. જો આત્મા જેવી કોઇ વસ્તુ ચાલી ગઇ હોય, દેહમાંથી ઓછી થઇ હોય તો તેનું વજન પણ ઓછું થવું જોઇએ. પરંતુ તેમ ન થયું એટલે મેં નક્કી કર્યું કે તેમાંથી એવી કોઈ પણ ચીજ ઘટી નથી, માટે ' આત્મા નથી. '

( ૪ ) " ફરી એક ચોરને મેં વજ્રમય પેટીમાં પૂરાવ્યો ને પછી તે પેટી સજ્જડ બંધ કરાવી દીધી. કેટલાએક દિવસો બાદ તે પેટી ખોલાવી, તો તેમાંથી તે ચોરનું મૃતક નીકળ્યું ને તે કલેવરમાં અનેક કૃમીઓ ઉત્પન્ન થયા હતા. જો તે પેટીમાંથી આત્મા બહાર નીકળ્યો હોય તો તે પેટી તૂટી જવી જોઇએ. અથવા જ્યાંથી તે ગયો હોય ત્યાં તેનું છિદ્ર થવું જોઇએ પરંતુ પેટીમાં તેવું કાંઇ થયું ન હતું માટે મેં નિશ્ચય કર્યો કે ' આત્મા નામની કોઇ પણ વસ્તુ નથી. '

( ૫ ) " વળી મને કોઇ પૂછતું કે જો આત્મા નથી તો

આ બધા બોલે છે, ચાલે છે, ખાય છે, પીયે છે, ને મરણ પછી એવું શું થાય છે કે જેથી બોલતા ચાલતા નથી ? ત્યારે હું કહેતો કે પાંચ ભૂતના આ વિચિત્ર સંયોગથી બોલવા, ચાલવા વગેરેની શક્તિ ઉત્પન્ન થાય છે. આ શરીરમાં ચામડી, હાડ વગેરે પૃથિવી છે, પ્રવાહી આંસુ, મૂત્ર વગેરે જળ છે, જઠર વગેરે અગ્નિ છે, શ્વાસોચ્છ્વાસ વગેરે વાયુ છે, ને ખાલી સ્થાન આકાશ છે.

"એ પાંચ ભૂતના વિચિત્ર સંયોગરૂપ આ દેહ ખાવા પીવા વગેરેથી પુષ્ટ થાય છે. સ્વચ્છ વાયુ, સૂર્યના આતપ વગેરેથી અને ખુલ્લા સ્થાનમાં રહેવાથી સચવાય છે. તેનો ઉપયોગ સારી રીતે આ ભૌતિક પદાર્થોને ભોગવવા એ જ છે. જ્યારે આ પાંચના સંયોગમાં કાંઇ પણ ફેરફાર થાય છે ત્યારે દેહ નરમ પડે છે. કોઇનો પણ સંયોગ સર્વથા છૂટો પડે છે ત્યારે બોલવા ચાલવા વગેરેની શક્તિનો નાશ થાય છે. પછી ભલે તે ઓછાશ શસ્ત્રના આઘાતથી, અપથ્ય સેવનના વિકારથી કે બંધ સ્થાને ગોંધાઇ રહેવાથી થઇ હોય. જ્યારે આ ભૂતમાં બોલવા ચાલવાનું સામર્થ્ય નાશ પામે છે ત્યારે તે તદ્દન નકામું–નિરર્થક થઇ જાય છે; માટે જ તેને બાળી નાખવામાં, દાટી દેવામાં કે નદી સમુદ્રમાં પધરાવવામાં આવે છે.

"એ પ્રમાણે ઘણા પ્રયોગોથી ને ઘણા વિચારોથી મેં નિર્ણય કર્યો છે કે 'આત્મા નથી' માટે હું જે કહું છું તે અવિચારિત નથી. હે આચાર્ય ! હું કહું છું તે માની જા ને મારો આજ્ઞાંકિત માંડલિક રાજા થઇ ભૌતિક ભોગો ભોગવ."

( ૩ )

## શ્રી કેશિગણધર મહારાજનો ઉત્તર–

"હે રાજન્ ! તેં આત્માને માટે ઘણા પ્રયત્નો કર્યાં હશે,

પણ તારા એ સર્વ પ્રયત્નો ઊંધા હતા. એટલે તને આત્મા ન મળ્યો. તને આત્મા ન મળ્યો માટે આત્મા નથી એ તારું કહેવું યથાર્થ નથી.

"વળી હું પણ આ સંયમ, તપ, જપ વગેરે કરૂં છું તે વિચાર વગર કરૂં છું એમ ન સમજતો. એના ઘણા ફાયદાઓ મેં વિચાર્યા છે, ને મને તે સર્વ સત્ય સમજાયાથી મેં આ પન્થ ગ્રહણ કર્યો છે.

"જગત્માં જન્માને ઉદરપૂર્તિ તો પશુઓ પણ કરે છે, મનુષ્યો કરતાં તિર્યંચો વિષયસેવન વિશેષે કરી શકે છે. તિર્યંચોને શારીરિક નીરોગિતા ને સમ્પત્તિ મનુષ્યોથી સારી હોય છે. અર્થાત્ માનવજન્મ પામીને શરીર પુષ્ટ કરવું, વિષયોમાં આસક્ત થવું અને પેટ ભરવું એ જ જો કર્તવ્ય હોય તો માનવજન્મ કરતાં પશુજન્મ વિશેષ ઇચ્છનીય છે; પરંતુ મનુષ્ય જન્મ પામવાનું કર્તવ્ય એ જ છે કે તે પામી તત્ત્વને સમજવાં, સમજીને તત્ત્વમાર્ગે આચરણ કરવું ને અન્તે પરમ તત્ત્વ પ્રાપ્ત કરવું.

"સંસારમાં આધિભૌતિક સુખની મારે તારી માફક બિલકુલ ન્યૂનતા ન હતી, પરંતુ મને એ સર્વ સુખો ક્ષણિક ને અપૂર્ણ સમજાયાં ત્યારે તત્ત્વપ્રાપ્તિને માટે આ માર્ગ મને સમજાયો. આ માર્ગે અનેક આત્માઓએ પરમતત્ત્વ પ્રાપ્ત કર્યું છે, એમ મેં જાણ્યું-વિચાર્યું, મને વિશ્વાસ આવ્યો એટલે મેં પણ આ માર્ગ ગ્રહણ કર્યો છે.

"હે રાજન્! જે વસ્તુનો જે સ્વભાવ હોય તે સ્વભાવે તે વસ્તુને સમજીએ તો જ તે વસ્તુ સમજાય છે, પરંતુ તેના સ્વભાવ કરતાં વિપરીત રીતે તેની તપાસ કરીએ તો તે વસ્તુ પ્રાપ્ત થઈ શકે નહિ. પવન આંખવડે દેખી શકાતો નથી. જો

કોઇ કહે કે આંખે નથી દેખાતો માટે પવન નથી, તો તે કહેનારનું કથન સત્ય નથી, તે જ પ્રમાણે આત્મા નથી એ તારું કહેવું યથાર્થ નથી. આત્મા અરૂપી છે માટે તે દેખી શકાય નહિં. આંખ સિવાય સ્પર્શેન્દ્રિયથી ને અનુમાનથી જેમ પવન છે એ મનાય છે તે જ પ્રમાણે મનથી અને અનુમાનથી આત્મા પણ સિદ્ધ થાય છે.

## તારાં માતાપિતા ન આવ્યાં એટલે સ્વર્ગ-નરક નથી એ અસત્ય—

"હે નૃપ ! તેં કહ્યું કે 'મારા પર અત્યન્ત સ્નેહ રાખતાં મારાં માતાપિતા મને અહિં પ્રતિબોધ કરવા માટે ન આવ્યાં એટલે મેં નિશ્ચય કર્યો કે આત્મા, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક વગેરે કંઇ નથી' એ તારી માન્યતા યોગ્ય નથી; કારણ કે તેઓ ન આવ્યાં માટે તે વસ્તુ જ નથી એમ ન કહી શકાય. તેઓના ન આવવાના બીજા અનેક કારણો હોઇ શકે છે.

( ૪ )

## માતાના સ્વર્ગથી ન આવવા સમ્બન્ધી એક દરિદ્રનું દૃષ્ટાન્ત

"કોઇ એક વખત મુસાફરી કરતાં કરતાં તને કોઈ એક દરિદ્ર મનુષ્યનો કોઈ એક નગરમાં સમાગમ થયો હોય. તે સમાગમ દરમીયાન તેની સાથે તારે ગાઢ સ્નેહ બંધાઈ ગયો હોય. તેં તેની દરિદ્રતાના નાશ માટે અને તેનો ઉદ્ધાર કરી સારી સ્થિતિમાં મૂકવા માટે તેની સાથે વિચાર્યું હોય ને કહ્યું હોય કે હું એક મોટો રાજા છું, મારી પાસે અખૂટ સમ્પત્તિ છે, વિપુલ લશ્કર છે, ઘણા દેશ છે, હું તને સુખી કરીશ. એવી વાતચીત પછી બીજે દિવસે તું તારે માર્ગે અને તે દરિદ્ર માનવ તેને રસ્તે ચાલ્યો જાય. ઘણે કાળે પણ તું તારા રાજ્ય-

વ્યવસાયને કારણે તે દરિદ્રનો ઉદ્ધાર કરી શકે નહિં, ને તેની સાથે થયેલ સમાગમ–વાતચિત ને તેના ઉદ્ધાર માટે કરેલ વિચાર એ સર્વ વિસરી જાય. તે દરિદ્ર દારિદ્રયના દુ:ખમાં સબડ્યા કરે ને વિચારે કે તે દિવસે તે ગામમાં કોઇએક માણુસ મળ્યો હતો, ખૂબ સ્નેહ બતાવતો હતો ને કહેતો હતો કે મારે મોટું રાજ્ય વગેરે છે, હું તને સુખી કરીશ. પરંતુ તે માણુસ કહેતો તે સર્વ જૂઠું જણાય છે. આટલા દિવસો થયા છતાં તેમાંનું કાંઇ જણાયું નહિં. આવી દરિદ્રની માન્યતા તે જેમ અયોગ્ય ને ઉપહસનીય છે તે જ પ્રમાણે હે રાજન્! તારી માતા સ્વર્ગથી ન આવી માટે સ્વર્ગ જ નથી એવી તારી માન્યતા પણ અનુચિત ને અયોગ્ય છે.

**દેવ–સ્વર્ગનું વર્ણન—**

"સ્વર્ગ સ્વાભાવિક સુન્દર છે. તેમાં દેવો દેવીઓ સાથે ગીત–નૃત્ય–નાટકાદિ ભોગવિલાસમાં આસક્ત હોય છે. એક એક નાટક હજારો વર્ષ સુધી ચાલે છે. આનન્દમાં ને સુખમાં પોતાનો સમય કયાં જાય છે તેની પણ તેઓને ખબર પડતી નથી. ઓછામાં ઓછું દશ હજાર વર્ષનું તેમનું આયુષ્ય હોય છે. આયુષ્ય પરિપૂર્ણ થયેથી જ તેઓનું ત્યાંથી ચ્યવન થાય છે. તેટલા નાના આયુષ્યવાળા દેવોને પણ એકાન્તરે આહારની ઈચ્છા થાય છે. ભોજનને માટે તેઓને ચૂલો ફુંક-વાની–રાંધવાની કડાકૂટ કરવી પડતી નથી, ઈચ્છા થવાની સાથે જ તેમને તૃપ્તિ થઇ જાય છે. આપણે ૪૯ વખત શ્વાસ લઇએ ત્યારે તેઓ એક વખત શ્વાસ લે છે. ઉત્કૃષ્ટ ૩૩ [1]સાગરોપમનું ત્યાં આયુષ્ય હોય છે. એક સાગરોપમના

---

૧. આ સાગરોપમની સમજ આ પ્રમાણે છે. એક યોજન લાંબા પહોળા ને ઊંડા પ્રમાણુવાળા એક પલ્ય–કૂવામાં દેવકુરુ ને ઉત્તરકુરુ

આયુષ્યવાળા દેવો તેત્રીશ હજાર વર્ષે આહાર અને તેત્રીશ પખવાડીએ શ્વાસ લે છે. કેશ, રોમ, નખ, હાડ, ચામ, માંસ, લોહી, ચરબી, મળમૂત્ર વગેરે દુગંચ્છનીય પદાર્થોથી રહિત તેઓનો દેહ ઘણો જ નિર્મલ હોય છે. તેઓનો શ્વાસોશ્વાસ પણ સુગન્ધી હોય છે. પ્રસ્વેદ ( પસીનો ) તેઓને કદી પણ થતો નથી. મનુષ્ય અને પશુઓની માફક તેઓને નવનવ માસ સુધી ગર્ભાવાસનાં દુઃખો ભોગવવા પડતાં નથી. ત્યાં ઉત્પન્ન થવાની સાથે અન્તર્મુહૂર્તમાં તો તેઓ સર્વ ઇન્દ્રિયોથી પૂર્ણ યુવાન નર જેવા, પ્રત્યેક અંગમાં આભૂષણુથી સહિત,

---

ક્ષેત્રના સાત દિવસના ઘેટાના એક આંગળ માપના એક એક વાળના ૨૦૯૭૧૫૨ કટકા કરીને તે વડે કૂવો ઠાંસીઠાંસીને એવો ભરવો કે તે કૂવા ઉપર થઇને ચક્રવર્તીની સેના ચાલી જાય તો પણ વાંધો આવે નહીં. ગંગાનો પ્રવાહ પણ તેમાં અવકાશ-જગા મેળવી શકે નહિં. એવી રીતે ભરીને પછી તેમાંથી સમયે સમયે એક એક કટકો કાઢવો. જ્યારે તે કૂવો ખાલી થાય ત્યાંસુધીમાં થયેલ જેટલા સમયો તેટલા કાળને બાદર ઉદ્ધાર પલ્યોપમ કહે છે. હવે જે કટકા ભર્યા છે તે એક એક કટકાના બાદર પૃથ્વીકાય અપર્યાપ્તા જીવના એક શરીરના પ્રમાણુવાળા અસંખ્યાત કટકા કરવા, ને તે કટકાઓથી ફરી તે કૂવો ભરવો. સમયે સમયે એક એક કટકો કાઢવો. જેટલા કાળે ખાલી થાય તેટલા કાળને સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ કહે છે. તે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમવડે દ્વીપ સમુદ્ર ગણાય છે. હવે બાદર ઉદ્ધાર પલ્યોપમના સ્વરૂપમાં બતાવેલ કટકાને સમયે સમયે ન કાઢતાં સો સો વર્ષે કાઢીએ અને જેટલા વર્ષે કૂવો ખાલી થાય તેટલા વર્ષને બાદર અદ્ધા પલ્યોપમ કહે છે, ને સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમના સ્વરૂપમાં જણાવેલ કટકાને સો સો વર્ષે કાઢીએ અને જેટલા વર્ષે ખાલી થાય તેટલા વર્ષને સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ કહે છે. તે સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમથી આયુષ્ય મપાય છે. ક્રોડને ક્રોડે ગુણીએ તેને ક્રોડાક્રોડ કહે છે, તેવા દશ ક્રોડાક્રોડ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમનો એક સાગરોપમ થાય છે.

વૃદ્ધાવસ્થાથી વિરહિત ને રોગ વગરના શરીરવાળા થાય છે. તેઓની આંખ કદી પણ મીચાતી નથી. મનમાં જે ઇચ્છા થાય તે તેઓ પૂર્ણ કરી શકે છે. તેમની પુષ્પશય્યા ને માળા કદી પણ કરમાતી નથી. ભૂમિથી તેઓ ચાર આંગળ ઊંચે જ રહે છે.

**દેવો મનુષ્ય લોકમાં ઓછા આવે છે તેમાં કારણ—**

'संकंति दिव्वपेमा, विसयपसत्ताऽसमत्तकत्तव्वा ।
अणहीणमणुअकज्जा, नरभवमसुहं न इंति सुरा ॥
चत्तारिपंचजोयण-सयाइं गंधो य मणुअलोगस्स ।
उड्ढं वच्चइ जेणं, न हु देवा तेण आवंति ॥ १ ॥'

"હે રાજન્! સુન્દર સ્વર્ગના દિવ્ય પ્રેમમાં આસક્ત, વિષયોમાં લીન, પોતાના કાર્યોમાંથી જ નહિં પરવારેલા, કાંઇ ને કાંઇ કાર્યવાળા, મનુષ્યને અનધીન કાર્યવાળા, મનુષ્યને પરાધીન નહિં એવા સ્વતંત્ર દેવતાઓ અશુભ એવા આ મનુષ્ય લોકમાં આવતા નથી. વળી મનુષ્ય લોકમાં દુર્ગન્ધ પુષ્કળ છે. [1]ચારસો પાંચસો યોજન સુધી ઊંચે તે દુર્ગન્ધ ઊડે છે તેથી દેવો આ મનુષ્ય લોકમાં આવતા નથી. તીર્થંકરોનાં ચ્યવન—જન્મ—દીક્ષા—જ્ઞાન ને મોક્ષ વગેરે પ્રસંગે તેમના અલૌકિક પુણ્યથી આકર્ષાઈને, કોઇ તપસ્વી મુનિઓના તપઃપ્રભાવથી, ને કોઇ ભાગ્યશાલી આત્માના આરાધનથી પ્રસંગે પ્રસંગે દેવો અહિં આવે છે, પરંતુ પ્રયોજન સિવાય અહિં આવતા નથી; માટે દેવસુખમાં આસક્ત થયેલ તારી માતા

---

૧. જો કે ગન્ધના પુદ્ગલો નવ યોજનથી અધિક ઊંચે જઇ શકતા નથી, તોપણ નવ યોજન સુધી ગયેલા પુદ્ગલો બીજા પુદ્ગલોને વાસિત કરે છે ને તે પુદ્ગલો બીજાને એમ યાવત્ ઉત્કટ ગન્ધવાળા પુદ્ગલો પાંચસો યોજન સુધીના પુદ્ગલોને દુર્ગન્ધમય કરે છે.

આરાધન સિવાય તારા અલ્પ પુણ્યના કારણે તને પ્રતિબોધવા ન આવી. પણ અમે વર્ણન કર્યું એવું સ્વર્ગ તો છે જ ને તે પુણ્ય કરવાથી પ્રાપ્ત થાય છે.

( ૫ )

## પિતા નરકમાંથી ન આવ્યા તે વિષયમાં એક શેઠનું ઉદાહરણ—

"રાજન્! તારા રાજ્યમાં કોઈ એક શેઠ રહેતો હોય. તે કુટુમ્બ પરિવારથી પરિવરેલો ને સુખી હોય. કુટુમ્બનું પરિપાલન સારી રીતે કરતો હોય, તેથી કુટુમ્બનો તેના પ્રત્યે ઘણો સારો પ્રેમ હોય, પરંતુ તે વ્યસનને પરાધીન હોય ને તે કારણે તારા રાજ્યના કાયદા વિરુદ્ધ આચરણ કરીને રાજ્યનો મહાન ગુન્હેગાર થાય. રાજ્યરક્ષક પુરુષો તે શેઠને ગુન્હેગાર તરીકે પકડી બાંધીને તારી પાસે લાવે, તે સમયે તેના કુટુંબીજનો તેને કહે કે–તમે તરત જ પાછા આવજો ને અમારું પાલનપોષણ કરજો કે જેથી અમને સુખ થાય. પણ આજીવન જેલજાત્રાને પામેલ એ ગુન્હેગાર પોતાના કુટુમ્બીઓને મળી પણ શકતો નથી. એ જ પ્રમાણે તારા પિતા તારા પ્રત્યે ઘણા પ્રેમવાળા હોવા છતાં પણ કર્મરાજાના મહાન્ ગુન્હેગાર થઈને નરકરૂપ કારાગારમાં–જેલમાં પૂરાયા પછી તને મળી શકે નહિં. તેથી આત્મા, પાપ, નરક વગેરે નથી એમ કહી શકાય નહિં.

### નરકનું વર્ણન—

"આ પૃથ્વીની નીચે સાત નરકો છે. ત્યાં રહેલા જીવો સ્વાભાવિક રીતે ખૂબ દુઃખી હોય છે. તેમના શરીર પારા જેવાં વિકલ ને અસ્તવ્યસ્ત બંધાયેલ હોય છે. તેઓનાં ચાલ–આકૃતિ-

રૂપ-રસ-શબ્દ વગેરે સર્વ અશુભ હોય છે. નરકમાં દુર્ગન્ધ એટલી છે કે જો તે દુર્ગન્ધનો એક પણ અંશ આ મનુષ્ય ક્ષેત્રના કોઈ નગરમાં નાખવામાં આવે તો ત્યાં રહેલા સર્વ જીવો મૃત્યુ પામે. તીક્ષ્ણ કાંટાની શય્યા પર સુઇએ, તરવાર યા કરવતની ધાર પર રહીએ, તે કરતાંયે અધિક દુઃખ ત્યાંની તીક્ષ્ણ અને કઠિન પૃથ્વી પર રહેતાં થાય છે. ત્યાં શીત એવી હોય છે કે કોઈ બળવાન્ લુહાર પન્દર દિવસ સુધી અગ્નિમાં મોટા લોઢાના ગોળાને સતત તપાવે ને પછી જો તે ગોળો નરકની ઠંડીમાં મૂકે તો ક્ષણમાત્રમાં તે ઠંડો થઈ જાય એટલું જ નહિ પણ તેના સર્વ પુદ્ગલો શીર્ણવિશીર્ણ થઈ વિખરાઇ જાય. ત્યાં જીવો ગરમીનું દુઃખ એવું સહન કરી રહ્યા છે કે જો તે જીવોને આ મનુષ્ય લોકમાં જ્યાં વધારેમાં વધારે અસહ્ય ગરમી પડતી હોય તે ઉષ્ણ ક્ષેત્રમાં લાવવામાં આવે તો તેમને એવો આનન્દ થાય કે જેવો આનન્દ ગ્રીષ્મના તીવ્રતાપથી અકળાયેલ હાથીને શીતળતાના આવાસરૂપ પુષ્કરણી વાવમાં સ્નાન કરતાં થાય.

“ પ્રથમની ત્રણ નરકમાં જીવોને પરમાધામી દેવો દુઃખ આપે છે. તીવ્ર શસ્ત્રથી છેદે છે. લોહી-ચરબી ને હાડકા વગેરે અશુચિ પદાર્થોથી ભરેલી વૈતરણી નદીમાં સ્નાન કરાવે છે. શરીરના નાના નાના ટુકડા કરીને તપાવેલ તેલમાં તળે છે. કરવતથી કાપે છે, વજ્રના માર મારીને દેહનું ચૂર્ણ કરે છે. બાણ અને ભાલાથી પણ અતિ તીક્ષ્ણ અણીવાળા કાંટા, છાલ ને પાનવાળા શાલ્મલીવૃક્ષ ઉપર ચડાવે છે. નાના ઘડામાં પૂરીને પછી અંદર ગરમ સીસું ભરે છે. લોહની પૂતળીને તપાવીને તે સાથે આલિંગન કરાવે છે. આકાશમાં ઊછાળીને તલવાર કે ભાલા ઉપર ઝીલે છે. નાક-કાન-જીભ છેદે છે, આંખો ફોડી નાંખે છે. ગરમ કરેલ રેતીમાં ચણાની માફક શેકે છે. આવી

અસહ્ય વેદના સહન કરતાં જીવો કારમી ચીસો પાડે છે, પરંતુ તેનું ત્યાં કોઈ સાંભળનાર નથી, તેઓને કોઈ બચાવનાર નથી, ફક્ત પરમ કારુણિક પ્રભુના જન્મ વગેરે વિશિષ્ટ કલ્યાણક પ્રસંગે તેઓ શાન્તિ અનુભવે છે.

"તે જીવો ભૂખથી એવા રીબાતા હોય છે કે આપણા સર્વ ધાન્યોના ઢગલા તેઓને ખાવા આપીએ તો પણ તેમને સંતોષ થાય નહિં. વળી સર્વ સાગરના જળ જો તે જીવોને પીવા માટે આપવામાં આવે તો પણ તેઓની તરસ છીપે નહિં. એવું ભૂખ ને તરસનું તેમને દુઃખ હોય છે. થોડો પણ અન્ધકાર આત્માને આકુળવ્યાકુળ કરી મૂકે છે તો નરકના જીવો સદૈવ નિબિડ અંધકારમાં જ સબડ્યા કરે છે.

"ત્રણ નરક પછી નારકીના જીવો જો કે પરમાધામીનાં દુઃખો ભોગવતા નથી તો પણ તેથી અધિક કામ-ક્રોધ-માન-માયા-લોભ-ઇર્ષ્યા વગેરેની અત્યન્ત તીવ્ર લાગણીથી તેઓ દુઃખી થાય છે. તે લાગણીઓને તેઓ દબાવી શકતા નથી. લાગણીવશ તે જીવો નવી નવી સેના વિકુર્વીને પરસ્પર લડે છે, મોટાં યુદ્ધ કરે છે ને ખૂબખૂબ દુઃખી થાય છે.

**नरया दसविहवेयण-सी-उसिण-खुह-पिवास-कंडूहिं ।**
**परवस्सं जर-दाहं, भय-सोग चेव वेयन्ति ॥**

નરકાત્માઓ ઠંડી-ગરમી-ભૂખ-તરસ-રોગગ્રસ્ત કંડુયુક્ત શરીર-પરતંત્રતા-વૃદ્ધાવસ્થા-દાહ-ભય ને શોક એમ દશ પ્રકારની વેદના વેદે છે. આ સર્વ દુઃખો-નરકગતિ આત્માને ત્યારે મળે છે કે જ્યારે જીવ પંચેન્દ્રિયનો વધ કરે છે, માંસભક્ષણ કરે છે, મહાઆરંભમાં આસક્ત બને છે, મહાપરિગ્રહને વધારવામાં જ પ્રયત્નશીલ રહે છે. તે પાપથી પાછો હઠતો નથી.

"જાણવા છતાં જીવો આવા પાપો કરે ત્યારે તેમની સ્થિતિ દીવો લઈને કૂવામાં પડવા જેવી થાય છે.

**કેવળજ્ઞાની જિનવરદેવે, સર્વ લોકના ભાવ કહાય,**
**સર્વ સત્ય સદ્દહતો પણ તું શાને સંસારે મૂંઝાય?**
**દીવો હાથ છતાં પણ અમૃત! શાને ઊંડે કૂપ પડાય?**
**એ દુઃખ નરકતણાં હે ચેતન! કહેને તુજથી કેમ ખમાય?**

લોકાલોકના સર્વ ભાવોના પ્રકાશક વીતરાગ પ્રભુએ આ સર્વ સ્વરૂપ કહ્યું છે, માટે મિથ્યા નથી. તેવી નરકમાં અત્યન્ત દુઃખથી રીબાતો તારો પિતા અહીં આવી ન શકે માટે નરક નથી એમ ન સમજતો.

## પુણ્ય-પાપ અને આત્માની સિદ્ધિ—

"ઉપર જણાવ્યા પ્રમાણે સુખથી ભરપૂર સ્વર્ગ અને દુઃખથી વ્યાપ્ત નરક છે એ નિશ્ચય થયો ત્યારે **दुःखं पापात् सुखं धर्मात्** થાય છે એ પણ નિશ્ચિત છે. એટલે સ્વર્ગને માટે ધર્મની-પુણ્યની આવશ્યકતા છે ને નરકને માટે પાપની જરૂર છે. પુણ્ય પાપ પણ એ જ પ્રમાણે માનવા જોઇએ.

"પુણ્ય પાપ સિદ્ધ થયાં એટલે તેને કરનાર, બાંધનાર, સાચવનાર, છોડનાર અને તેનાં ફળોને ભોગવનાર સચેતન આત્મા માનવો જ જોઇએ; માટે હે રાજન્! આત્મા-પુણ્ય-પાપ-સ્વર્ગ ને નરક વગેરે છે. તેમાં શ્રદ્ધા રાખ ને સુખ મેળવવા ધર્મ કર.

(૬)

## દેહના ટુકડામાં આત્મા ન દેખાયો માટે તેનાથી તેનું ખંડન—

"રાજન્! તેં આત્માની ખોજ માટે બે ત્રણ ચોરના પ્રયોગો

કર્યાં ને તે ન મળ્યો માટે નથી એમ માની લીધું એ બરોબર નથી. શરીરના કકડા કરાવવા ને તેમાં તપાસ કરવી એ કાંઇ આત્મપ્રાપ્તિનો ઉપાય નથી. તેની પ્રાપ્તિના વિશિષ્ટ ઉપાયો જ્ઞાનીઓએ બતાવ્યા છે, તેથી જ તે મેળવી શકાય છે. જેમ કોઈ એક શીશીમાં બૂચ સલવાઈ ગયું હોય, બૂચ ન નીકળતું હોય અને દવા પણ ન નીકળતી હોય. તેમાંથી દવા કાઢવા જો શીશીને ફોડી નાખવામાં આવે તો દવા ઢોળાઈ જાય ને શીશી પણ ફુટી જાય. તેમ દેહનો નાશ કરવાથી આત્મા અને દેહ બન્નેનો વિનાશ થાય છે, પરંતુ કુશળ માણસ જેમ શીશીને ફોડ્યા વગર યુક્તિથી બૂચ કાઢીને દવા મેળવે છે ને શીશીને પણ અખંડ રાખે છે, તેમ આત્માર્થી દેહના નાશ સિવાય જ આત્મદર્શન કરી શકે છે.

" તું જેમ દેહના નાશથી આત્મા ન મળ્યો માટે નથી એમ માને છે, તેમ મને પણ એક વસ્તુનો અનુભવ થયો છે તે સાંભળ—

**श्रुत्वाग्निमरणेः काष्ठे, तन्मया खण्डशः कृतम् ॥**
**न च दृष्टो महाराज ! तन्मध्ये क्वापि पावकः ॥ १ ॥**

**मूर्तिमन्तोऽपि सन्तोऽपि, दृश्यन्तेऽर्था न यन्नृप ! ॥**
**तदमूर्तस्य जीवस्या–दर्शने किं विरुध्यते ? ॥ २ ॥**

**विशिष्टज्ञानयोगेन, परं दृश्येत सोऽपि हि ॥**
**मथनादरणेः काष्ठेऽ-प्यनलो नृपते ! यथा ॥ ३ ॥**

" રાજન્ ! મેં એક વખત સાંભળ્યું હતું કે અરણિના લાકડામાં અગ્નિ હોય છે. ( જો કે દરેક કાષ્ઠમાં અગ્નિ હોય છે પણ અરણિમાં એવો અગ્નિ હોય છે કે તેને ઉત્પન્ન કરવા માટે બીજા અગ્નિની આવશ્યકતા રહેતી નથી ) તે અગ્નિ તેમાં

જોવાને મેં તે લાકડાનો ઝીણામાં ઝીણો ચૂરો કરાવ્યો ને તેમાં ખૂબ તપાસ કરી પણ અગ્નિ મળ્યો નહિં. જ્યારે આંખથી દેખી શકાય તેવા સત્પદાર્થો પણ આ રીતે દેખાતા નથી તો હે નૃપ! ચક્ષુથી ન જોઇ શકાય તેવો અરૂપી આત્મા તને ન દેખાય તેમાં શું? જેમ પરસ્પર ઘસવાથી અરણિમાં અગ્નિ ઉત્પન્ન થાય છે ને દેખાય છે તેમ આત્મા પણ જ્ઞાનધ્યાન-ક્રિયાકાંડ વગેરેના સતત ઘર્ષણ ચાલે એટલે દિવ્ય પ્રકાશમાં દિવ્ય ચક્ષુથી સાક્ષાત્ દેખાય છે.

**વજનમાં ફેર ન પડવાથી આત્મા નથી તે અસત્ય—**

"રાજન્! જીવતા શરીરનું ને મૃત શરીરનું સમાન વજન થવાથી આત્મા નામનો કોઇ પદાર્થ નથી એમ તેં માની લીધું, પણ એક રબરની કોથળી ખાલી ને પવનથી ભરેલીનું વજન કરી જો તો તે પણ સમાન થશે. એટલે શું ખાલી ને પવન ભરેલી કોથળી સરખી માની શકાશે? ભરેલીમાં પવન નથી એમ કહી શકાશે?"

"વજન એ શું છે? ને તે કોનામાં રહે છે? એ સમજાયાથી તને લાગશે કે આવી રીતે આત્મા નથી એમ માનવું અયુક્ત છે."

"વજન (ગુરુત્વ) એ એક પુદ્ગલનો ગુણ છે. તેનો સમાવેશ સ્પર્શમાં થાય છે. સ્પર્શના આઠ પ્રકાર છે. શીત-ઉષ્ણ, સ્નિગ્ધ-રુક્ષ, મૃદુ-ખર, લઘુ-ગુરુ. આ આઠે સ્પર્શો પુદ્ગલમાં રહે છે. પુદ્ગલો પણ આઠ પ્રકારના છે. [1]ઔદારિક-વૈક્રિય-

---

૧. મનુષ્યના અને તિર્યંચના શરીરમાં વપરાતા જે પુદ્ગલો તે **ઔદારિક.** ૨. દેવ, નારક વગેરેના શરીરમાં ઉપયોગી પુદ્ગલો તે **વૈક્રિય.** ૩. **ચૌદપૂર્વધર** મુનિ આહારક લબ્ધિથી શ્રી કેવલી ભગવંતને પ્રશ્ન પૂછવા **માટે** જે શરીર કરે, તેમાં ઉપયોગી જે પુદ્ગલો તે **આહારક.**

આહારક–તૈજસ–ભાષા–શ્વાસોચ્છ્વાસ–મન ને કર્મ. આ આઠે પ્રકારના પુદ્ગલોમાં એક પછી એક વધારે સૂક્ષ્મ હોય છે. તેમાં પ્રથમના ચાર પ્રકારના (ઔદારિક–વૈક્રિય–આહારક ને તૈજસ) પુદ્ગલોમાં આઠે સ્પર્શો રહે છે, ને છેલ્લા ચાર પ્રકારના (શબ્દ–શ્વાસોચ્છ્વાસ–મન અને કર્મ) પુદ્ગલોમાં પ્રથમના ચાર (શીત, ઉષ્ણુ, સ્નિગ્ધ ને રૂક્ષ) સ્પર્શ જ રહે છે; છેલ્લા ચાર રહેતા નથી, તેથી તે પુદ્ગલો અગુરુલઘુ કહેવાય છે."

"વજન (ગુરુત્વ) એ એક સ્પર્શ છે તે સહેજે સમજી શકાય તેમ છે. તેને જાણુવા માટે સ્પર્શનેન્દ્રિય સિવાય અન્ય કોઈ ઇંદ્રિય ઉપયોગી નથી. તે સામર્થ્ય ફક્ત સ્પર્શનમાં જ છે. હાથમાં લેતાં તરત જ ખબર પડે છે કે આ ભારે છે, આ હલકું છે; માટે તે સ્પર્શ છે. સ્પર્શનેન્દ્રિયથી જ જે ગુણુનું જ્ઞાન થાય તે સ્પર્શ. પુદ્ગલો સિવાય બીજામાં સ્પર્શ નથી માટે વજન પણુ અન્યમાં નથી; પુદ્ગલમાં જ છે. વજન (ગુરુત્વ) જે પુદ્ગલો આંખથી જોઈ શકાય છે ને સ્પર્શનથી જાણી શકાય છે તેવા પુદ્ગલોમાં પ્રકટપણે રહે છે. પ્રકાશ અને વાયુમાં વજન હોવા છતાં પ્રકટ સ્પર્શ અને પ્રકટ રૂપ નહિં હોવાને કારણે વ્યકત જણાતું નથી."

"આત્મા અને પુદ્ગલ એ બન્ને પરસ્પર અત્યન્ત વિરુદ્ધ

---

૪. આહારને પચાવવામાં હેતુભૂત તથા શીત લેશ્યા અને તેજોલેશ્યામાં વપરાતા જે પુદ્ગલો તે **તૈજસ**. ૫. શબ્દ જે ઉત્પન્ન થાય છે તેમાં જે પુદ્ગલો વપરાય છે તે **ભાષા**. ૬. શ્વાસોચ્છ્વાસમાં કામમાં આવતા પુદ્ગલો તે **શ્વાસોચ્છ્વાસ**. ૭. વિચાર કરવાની શક્તિ આપનારા પુદ્ગલો તે **મન**. ૮. જેનાથી આત્માને સારા નરસા ફળ મળે છે ને જે સમયે સમયે સંસારી આત્મા સાથે જોડાય છે તે **કર્મ**.

પદાર્થ છે. પુદ્ગલ જડ છે જ્યારે આત્મા ચેતન છે. આત્માનો એક પણ ગુણ પુદ્ગલમાં રહેતો નથી, તેમ પુદ્ગલનો એક પણ ગુણ આત્મામાં રહેતો નથી. તેથી આત્મામાં વજન પણ નથી. જો કે સાંસારિક આત્માઓ સદૈવ કર્મ અને તૈજસ પુદ્ગલોથી યુક્ત જ હોય છે, પણ કર્મના પુદ્ગલો વજન વગરના છે અને તૈજસ પુદ્ગલોમાં અવ્યક્ત વજન છે તેથી સજીવ શરીરનું અને મૃત શરીરનું વજન એક સરખું થાય, તેમાં ફેર પડે નહિં માટે આત્મા માનવો જોઇએ."

## પેટીને છિદ્ર ન પડયું માટે આત્મા નથી તે મિથ્યા—

"નૃપ! વજ્રમય પેટીમાં પૂરેલ ચોર મરી ગયો ને પેટીને છિદ્ર ન પડયું માટે આત્મા ન માનવો જોઇએ એમ તેં જે કહ્યું તે પણ પદાર્થોના સ્વભાવોની તેં વિચારણા કરી હોત તો તને પોતાને તે મિથ્યા લાગત."

"વિશ્વમાં દરેક પદાર્થો એક જ સ્વભાવના નથી હોતા. દરેકના જુદા જુદા સ્વભાવો હોય છે. કેટલાક પદાર્થોનો જ તેવો સ્વભાવ હોય છે કે તે છિદ્ર, માર્ગ કે દ્વાર વગર કોઈ પણ સ્થળે આવ–જા કરી શકે છે. નિર્મળ કાચમાંથી પ્રકાશનાં કિરણો જા–આવ કરે છે, પણ કાચમાં છિદ્ર કે દ્વાર હોતું નથી. ચારે તરફથી બંધ–જેમાં વાયુ પણ પ્રવેશી ન શકે તેવી મોટી પેટીમાં પેસી કોઇ જોરથી શંખ વગાડે તો તેનો શબ્દ બહાર સંભળાય છે તેથી પેટીમાં નથી છિદ્ર પડતું કે તે તૂટી નથી જતી."

"પ્રકટ સ્પર્શવાળા પદાર્થો પ્રકટ સ્પર્શવાળા પદાર્થોને આવ-જા કરવામાં ઘણુંખરું રોકાણ કરે છે. તે સિવાયના પદાર્થો દરેક સ્થળે જઇ શકે છે. જ્યારે આત્મા તદ્દન સ્પર્શ વગરનો છે, તે દ્વાર કે છિદ્ર વગર ગમે ત્યાં આવે જાય તેમાં શું આશ્ચર્ય? એક પેટીમાંથી એમ ને એમ આત્મા નીકળી જાય

એમાં તો શું ? પણ આત્મા, પાણી કે પત્થર, લોહ કે વજ્ર, વન કે પર્વત, નગર કે સાગર, આકાશ કે પાતાળ, કોઇ પણ સ્થળે ગમે તેવા આવરણો હોય તો પણ તેને ભેદીને અવ્યાહત ગતિએ રોકાયા સિવાય જઇ શકે છે; માટે હે રાજન્ ! આત્મા છે. ”

( ૭ )

## બોલવા ચાલવા વગેરેનો નિર્વાહ થાય છે માટે આત્મા ન માનવો એમ નહિં.

“ ભૂપ ! જેમ માદક પદાર્થો એકઠા કરવાથી તેમાં જેમ માદક શક્તિ ઉત્પન્ન થાય છે, તેમ પંચભૂતના મળવાથી બોલવા ચાલવા વગેરેની શક્તિ ઉત્પન્ન થાય છે ને જગત્‌ના તમામ વ્યવહારો ચાલે છે; માટે આત્મા માનવાની જરૂર નથી એમ જે તેં જણાવ્યું તે પણ ઠીક નથી. ”

“ અમુક અમુક જાતના પુદ્‌ગલો મળવાથી બોલવા ચાલવા વગેરેની શક્તિ થાય છે તે ઠીક છે. એકેન્દ્રિય જીવો જેવા કે ઝાડ, પાન, ફળફૂલ, પાણી, પત્થર વગેરે અમુક પુદ્‌ગલો નહિ મળવાને કારણે બોલીચાલી શકતા નથી. બેઇન્દ્રિય જીવો શંખ, કોડા, જળો, અળસીયા વગેરે સુંઘવાની શક્તિવાળા પુદ્‌ગલો નહિં મળવાને કારણે સૂંઘી શકતા નથી. ત્રિ-ઇન્દ્રિય જીવો કીડી, મકોડી, ઇયળ, કુંથુ વગેરેને દેખવાની શક્તિના પુદ્‌ગલો ન મળવાથી તેઓ દેખી શકતા નથી. ચઉરિન્દ્રિય જીવો માખી, ભમરી, ભમરા, વીંછી, તીડ વગેરે દેખી શકે છે પરંતુ સાંભળી શકતા નથી; કારણ કે તેઓને સાંભળવાની શક્તિવાળા પુદ્‌ગલો મળ્યા નથી. કેટલાક અમનસ્ક પંચેન્દ્રિય જીવો એવા હોય છે કે જેઓ બોલીચાલી સૂંઘી દેખી ને સાંભળી શકે છે; પણ સમજી શકતા નથી, વિચાર કરી શકતા નથી.

સમનસ્ક પંચેન્દ્રિય જીવોને સર્વશક્તિવાળા પુદ્ગલો મળવાથી તેઓ સમજવા-વિચાર કરવા સુધી સર્વ કરી શકે છે."

"એ પ્રમાણે જુદા જુદા પુદ્ગલોમાં જુદી જુદી શક્તિઓ રહેલી હોય છે પરંતુ તેથી આત્માની જરૂર નથી એમ નથી. જડ પદાર્થોમાં રહેલી શક્તિઓ સ્વયં વ્યવસ્થિત કાર્ય કરી શકતી નથી. જડ પદાર્થો હંમેશા એકસરખું કાર્ય કર્યા કરે છે તેમાં સ્વયં ફેરફાર કરવાની તાકાત નથી હોતી."

"કોઇ પણ સચેતન પદાર્થ માનવામાં ન આવે ને કેવળ પંચભૂતના સંયોગોથી જ બોલવાચાલવા વગેરેનો વ્યવહાર ચલાવવામાં આવે તો જેમ ચૂડીવાજું (Gramophone) બોલે જ જાય છે તેમ આ પુદ્ગલ પણ એકસરખું-સતત બોલ બોલ જ કરે. યંત્રના પૈડાની માફક ચાલ ચાલ જ કરે. કયે સમયે શું બોલવું? કયે સમયે બોલતા બંધ થવું? કયારે ચાલવું? કયારે વિશ્રાન્તિ લેવી-અટકી જવું? વગેરે વ્યવસ્થિત વ્યવહારને માટે તે પંચભૂતોની શક્તિ ઉપર સચેતન નિયન્તાની જરૂર છે."

"નિયન્તા (driver) વગરની ગાડી જેમ સમુદ્રમાં કે જંગલમાં જયાં ત્યાં ભટકાય ને અલ્પકાળમાં નાશ પામે તેમ ચેતનની સત્તા વગરના પુદ્ગલો પણ અહીં-તહીં અથડાઇને અન્તે અસ્તોવ્યસ્ત બની વિનાશ પામે પણ તે સર્વ શક્તિઓ ઉપર જ્ઞાનવાળા ને વિચારશક્તિવાળા આત્માનો પૂર્ણ કાબૂ છે માટે જ તેઓ વ્યવસ્થિત કામ કરે છે."

"સુન્દર વ્યવહારની વ્યવસ્થા માટે આત્માની ખાસ જરૂર છે માટે આત્મા માનવો જોઇએ."

### પ્રદેશીના અન્તિમ ઉદ્‌ગાર—

શ્રી કેશિગણધર મહારાજનું યુક્તિયુક્ત પ્રવચન શ્રવણ કરી

પ્રદેશી રાજા હર્ષિત થયો. તેનો મિથ્યા મોહ નાશ પામ્યો. તેને સત્યમાર્ગનું ભાન થયું. તે મહારાજશ્રીને કહેવા લાગ્યો.

**स्वामिन् ! मोहपिशाचोऽयं नष्टोऽद्य प्रबलोऽपि नः ।**
**मांत्रिकस्येव मन्त्रेण, ताड्यमानो भवद्गिरा ॥ १ ॥**

**अज्ञानतिमिराक्रान्ते, ममाद्यान्तरलोचने ।**
**उद्घाटिते प्रभुव्याख्या–सुधाञ्जनशलाकया ॥ २ ॥**

**ज्ञातं स्वामिन् ! मया धर्मो, जैनधर्मात् परो नहि ।**
**यथादित्यात् परो नान्यः, प्रत्यक्षस्तेजसां निधिः ॥ ३ ॥**

પ્રભો ! માંત્રિકના મંત્રથી જેમ પિશાચ ચાલ્યો જાય તેમ આપની વાણીથી હણાયેલો અમારો મોહપિશાચ પ્રબલ હતો છતાં આજ નાશ પામ્યો છે. અજ્ઞાનાન્ધકારથી ભરેલા મારા અન્તર ચક્ષુઓ આપના વ્યાખ્યાનરૂપી અમૃત સળીથી આજ ઊઘડ્યા છે. ભગવન્ ! આજ મેં જાણ્યું કે જૈન ધર્મથી ચઢિયાતો બીજો કોઇ ધર્મ નથી. સૂર્ય સિવાય બીજો કોઇ પ્રકટ પ્રકાશનો નિધાન નથી.

પછીથી પ્રદેશીરાજાએ સમ્યક્‌ત્વ મૂલ બાર વ્રત ગ્રહણ કર્યાં, ધર્મનું વિધિપૂર્વક આરાધન કર્યું અને દેવલોકમાં સૂર્યાભ નામે દેવ થયા.

**॥ इत्यात्मवादे आत्मसिद्धिनाम प्रथमं प्रकरणम् ॥**

# પ્રકરણ બીજું.

## ( ચાર્વાક મતખંડન )

( ૧ )

કોઇએક ઉપવનમાં એક સ્યાદ્વાદી વિહરતા હતા, તેવામાં ત્યાં એક ચાર્વાક નાસ્તિક આવી ચડ્યો. સ્યાદ્વાદીએ તેને પૂછયું કે 'કેમ ભાઇ! તારો આત્મા તો આનન્દમાં છે?' તે સાંભળી ચાર્વાકે કહ્યું કે 'આત્મા એ શું છે? મને તો વિશ્વમાં આત્મા જેવી કોઇ વસ્તુની હસ્તિ જણાતી નથી. મારી પાસે તો તે કાંઇ નથી તો તમે મને 'તારો આત્મા તો આનન્દમાં છે ને?' એમ કેમ પૂછો છો? બાકી મારું કુટુમ્બ, શરીર, બાળબચ્ચાં આદિ સર્વ મજામાં છે.' તેનું આવું વિચિત્ર કથન સાંભળી સ્યાદ્વાદીએ પૂછયું—

**સ્યાદ્વાદી૦**—આત્મા નથી એમ તું શાથી કહે છે?

**ચાર્વાક૦—આત્મા પ્રમાણસિદ્ધ પદાર્થ નથી.**

'**प्रमाणोपपन्नं वस्तु सत्**' જે પદાર્થ પ્રમાણથી સિદ્ધ થાય તે જ વાસ્તવિક છે, પણ જે માનવાને કોઇ પ્રમાણ નથી તે વસ્તુ નથી. આત્માને માટે કોઇપણ પ્રમાણ નથી, માટે તે અસત્ છે. આત્મા માનવાને કોઇ પ્રમાણ હોય તો બતાવો.

**સ્યા૦—આત્મા આગમપ્રમાણથી સિદ્ધ છે.**

પ્રમાણો અનેક છે તેમાં આગમ-આપ્તવચન પણ એક પ્રમાણ છે. આગમમાં સ્થાને સ્થાને આત્માનું પ્રતિપાદન કરેલ છે. **'जीवो अणाइनिहणो नाणावरणाइकम्मसंजुत्तो'** (અનાદિ અનન્ત અને જ્ઞાનાવરણ વગેરે કર્મોથી યુક્ત એવો જીવ છે.) વગેરે આગમવચનો આત્માને સમજાવે છે; માટે આત્મા છે.

**ચા૦—આગમ પ્રમાણ માનવાને પ્રમાણ નથી.**

આગમથી આત્મા ત્યારે જ સિદ્ધ થાય કે જો તે પ્રમાણ હોય. પણ આગમને પ્રમાણ માનવાને કોઈ સબળ પ્રમાણ નથી. અમે તો માનીએ છીએ આગમ એ પ્રમાણ જ નથી.

**સ્યા૦—આગમ પ્રમાણ વ્યવહારસિદ્ધ છે.**

જો આગમને પ્રમાણ ન માનવામાં આવે તો ચાલતા સર્વ વ્યવહારો જ અટકી પડે. દુન્યવી અને આધ્યાત્મિક સર્વ વ્યવહારો આગમાધીન ચાલે છે. નાના બાળકને તે તે વસ્તુનું જ્ઞાન વૃદ્ધ વચનથી થાય છે. શિષ્ટ વચનના પ્રામાણ્ય વગર ગોળ ને પહોળા પેટવાળા, ચપટા તળિયાવાળા ને સાંકડા કાંઠલાવાળા પદાર્થને **ઘડો** કહેવો. વગેરે સત્ય ભાન ને વ્યવહાર કઈ રીતે ચાલશે ?

લોકોત્તર—આધ્યાત્મિક વ્યવહારનો આધાર તો આગમ ઉપર જ છે. **आप्तवाक्यम्-आगमः।** આ પ્રવચન અંગીકાર્ય છે; માટે આગમ એ પ્રમાણભૂત છે.

**ચા૦—આપ્તપુરુષ તમે કોને કહો છો ?**

કેવા પુરુષને તમે આપ્ત કહો છો કે જેનું વચન પ્રમાણભૂત માની સર્વ વ્યવહાર ચલાવવા માટે જણાવો છો. અમુક એક પુરુષને આપ્ત માનવો ને તેના વચન પર પૂર્ણ વિશ્વાસ મૂકવો એ અમારા મતે મિથ્યા છે.

**સ્યા૦—રાગદ્વેષથી સર્વથા રહિત પુરુષ આપ્ત છે.**

રાગ અને દ્વેષ બળવાન્ અભ્યન્તર શત્રુઓ છે. તેને લઇને જ વિશ્વમાં અનેક અનિચ્છનીય પ્રવૃત્તિઓ પ્રવર્તે છે. તેને વશવર્તી લોકો મિથ્યા આચરણો કરે છે. તે મહાન્ રિપુનો જેમણે સદન્તર વિનાશ કરેલ છે તે આપ્ત કહેવાય છે. જે માટે કહ્યું છે કે '**रागद्वेषयोरात्यन्तिकक्षय आप्तिः । आप्तिर्यस्यास्तीति आप्तः ।**' એવા કોઇ હોય તે જિનવર પરમાત્મા છે. તેમણે અપૂર્વ વીર્યોલ્લાસથી રાગ ને દ્વેષનો મૂળથી નાશ કરી વીતરાગ દશા પ્રાપ્ત કરી છે. તેમનાં વચનો એ જ આગમ છે. તે વિશ્વસનીય છે.

**ચા૦—રાગ ને દ્વેષનો સર્વથા નાશ થઇ શકતો નથી.**

જગતમાં હું જેના જેના પરિચયમાં આવ્યો છું તે સર્વે ઓછેવત્તે અંશે રાગ ને દ્વેષથી યુક્ત જ મને જણાય છે, માટે મારું માનવું છે કે રાગ ને દ્વેષ જેનામાં જરી પણ ન હોય એવો પુરુષ વિશ્વમાં કોઇ છે જ નહિં. રાગ દ્વેષનો સદન્તર નાશ જ થતો નથી, માટે તમારું કથન યુક્ત નથી.

**સ્યા૦—અલ્પ નાશવાળા પુદ્ગલોનો સર્વથા નાશ થાય છે.**

રાગ અને દ્વેષનો સર્વથા નાશ થઇ શકે છે, કારણ કે જે પુદ્ગલોનો થોડોથોડો–અંશે અંશે નાશ દેખતા હોય છે તેનો સર્વથા નાશ થાય છે. ખાણમાંથી જ્યારે સોનું કાઢવામાં આવ્યું ત્યારે તે માટી સરખું જ લાગતું હતું પણ પ્રયોગથી તેનો કચરો–મેલ થોડે થોડે દૂર કરતાં શુદ્ધ સોનું બન્યું. અગ્નિમાં તપાવીને તેની મલિનતા સદન્તર દૂર થઇ ને તે સો ટચનું શુદ્ધ–તદ્દન નિર્મળ કંચન બન્યું. કોઇ કહે કે એકદમ શુદ્ધ સોનું હોતું જ નથી તો તે જેમ અનભિજ્ઞ ગણાય તેમ આન્ત-

રિક શુદ્ધતા કોઇનામાં હોતી જ નથી એમ કહેનાર પણ બાલિશ ગણાય છે. રાગદ્વેષની વિષમતા-ઓછાવત્તાપણું તો પ્રત્યક્ષ જણાય છે. એકને પુત્ર પર પ્રેમ છે તો બીજાને ધન પર; એકને સ્ત્રી પર અત્યન્ત રાગ છે તો બીજાને શરીર પર. આમ રાગ કે દ્વેષનું ઓછાવત્તાપણું વ્યવહારમાં અનુભવાય છે તો કેમ એવો કોઇ પુરુષ ન હોય કે જેને કોઇપણ પદાર્થ પ્રત્યે રાગ કે દ્વેષ કાંઈ જ ન હોય.

(૨)

**ચા૦—રાગી ને નીરાગીનો ભેદ જાણી શકાતો નથી-**

કદાચ રાગ ને દ્વેષ સદન્તર દૂર કરી શકાતા હોય તો પણ તે કોઇએ દૂર કર્યાં હોય તે માની શકાતું નથી. તે કાંઈ આંખે દેખી શકાય એવી વસ્તુ નથી કે જેથી કહેવાય કે આમાં છે ને આમાં નથી. તમે શાથી કહો છો કે જિનેશ્વરોમાં રાગદ્વેષ હોતા નથી ?

**સ્યા૦—રાગ-નીરાગીનો ભેદ તેના કારણોથી જાણી શકાય છે.**

આંખે ન જોઈ શકાય એવી ચીજોનું જ્ઞાન જ ન થાય એવું નથી. એક માણુસ આનન્દમાં છે ને બીજો શોકમાં છે. આનંદ ને શોક જોઈ શકાય એવા નથી છતાં તે તે માણુસની પ્રવૃત્તિ-મુખ પર અંકિત થયેલી રેખાઓ ઉપરથી તે સમજી શકાય છે. એ જ પ્રમાણે રાગ અને દ્વેષનું ભાન થઇ શકે છે. તેના આચાર અને વિચારથી જાણી શકાય કે આ રાગી છે અને આ નીરાગી છે.

જગત્માં રાગનું પ્રબલ સ્થાન સ્ત્રી છે. જેટલા રાગીજન છે તે સર્વ સ્ત્રીના પાશમાં ફસાયા છે. ' ન મીલે નારી તો બાવા

બ્રહ્મચારી ' જેવા કેટલાક રાગીઓ બહારથી સ્ત્રીથી દૂર હોય, તો પણ તેઓ વચન ને મનથી સ્ત્રીની વાર્તા ને ચિન્તનમાં રસવાળા જ હોય છે. અર્થાત્ જે કોઇ રાગના સાધનો પ્રત્યે રસ ધરાવતા હોય તે રાગી છે તે કલ્પી શકાય છે. એ જ પ્રમાણે દ્વેષ-શત્રુનું અનિષ્ટ કરવાની પ્રવૃત્તિથી જાણી શકાય છે. પોતાનું સ્હેજ પણ કોઇ અનિષ્ટ કરે કે તરત જ દ્વેષી તેનો બદલો લેવા તત્પર બને છે. પ્રતિકાર કરવા અશક્ત હોય તેથી શત્રુનું અનિષ્ટ ન કરે ને શાન્ત રહે એટલે તે નિર્દ્વેષી છે એમ ન મનાય; કારણ કે તેની માનસિક વિચારણા તો નિરન્તર શત્રુનું અહિત કરવા તરફ જ રહે છે—જો ક્ષમાશીલ ન હોય તો. માટે જ કહ્યું છે કે—**रागोऽङ्गनासङ्गमनानुमेयो, द्वेषो द्विषद्दारणहेतिसाध्यः।** અમે જે મહાપુરુષને રાગદ્વેષથી સર્વથા રહિત કહીએ છીએ તેમનામાં રાગજનક સ્ત્રી વગેરે પદાર્થોનો નથી મનવચનકાયાથી અંશે પણ સંસર્ગ કે નથી પોતાને કષ્ટ કરનારનું પણ અહિત કરવાની વૃત્તિ માટે તેવા પુરુષને આપ્ત માની તેમના વચનને પ્રમાણભૂત સ્વીકારવું જોઇએ.

**ચા૦—નીરાગી પણ અજ્ઞાનથી અસત્ય ભાષે છે.**

રાગ-દ્વેષ વગરના પણ જે વસ્તુ ન જાણતા હોય તેનું સ્વરૂપ કહે તો તે સત્ય કેમ મનાય? જેમકે હું સ્વર્ગ કે નરક નથી માનતો તેથી તે પ્રત્યે મને રાગ કે દ્વેષ નથી. તેમ તેનું મને જ્ઞાન પણ નથી. એવી સ્થિતિમાં હું કહું કે સ્વર્ગ આવું હોય છે, નરકનું સ્વરૂપ આવું હોય છે, તો તે સત્ય ન જ કહેવાય. એ જ પ્રમાણે જિનેશ્વરોનું કથન અજ્ઞાનમૂલક નથી તેમાં શું પ્રમાણ?

**સ્યા૦—અલ્પજ્ઞોનો વચનવ્યવહાર રાગદ્વેષમિશ્રિત હોય છે.—**

કારણ વગર કાર્ય બનતું જ નથી, માટે જ્યાં અજ્ઞાન છે છતાં વચનવ્યવહાર ચાલે છે ત્યાં સમજવું જોઇએ કે આ બોલવામાં કાંઇક પ્રયોજન-કારણ છે. વસ્તુસ્વરૂપનો અનભિજ્ઞ મિથ્યાભિનિવેશથી માને છે કે હું સર્વ જાણું છું. જગત્ એમ ન સમજે કે આને કાંઇ નથી આવડતું તે માટે તે પોતાને જેનું ભાન ન હોય તેને માટે અગડંબગડં હાંકે રાખે છે. **मुखमस्तीति वक्तव्यं दशहस्ता हरीतकी**–મોઢું છે માટે કહેવું કે હરડે દશ હાથની હોય છે, એવી તેમની સ્થિતિ હોય છે.

તું પણ સ્વર્ગ કે નરકનું સ્વરૂપ કહેવા તત્પર બને છે. ત્યાં તને તે વસ્તુ પ્રત્યે રાગદ્વેષ નથી એમ નથી, કારણ કે તું તે માનતો જ નથી–તને તેનું જ્ઞાન નથી છતાં તું તેનું વર્ણન કરીશ તો તેમાં તે વસ્તુ હશે તેના કરતાં ખરાબ વર્ણવીશ. તારો મતાગ્રહ તને તેમ કરાવશે. અને એ જ રાગદ્વેષની છાયા છે. જેમના રાગદ્વેષ મૂળથી નાશ પામ્યા હોય છે તેમનું અજ્ઞાન પણ નાશ પામ્યું જ હોય છે. સર્વ પદાર્થોનું સમ્પૂર્ણ જ્ઞાન તેમને હોવાથી તેઓ કદી પણ વસ્તુસ્વરૂપના કથનમાં ફેરફાર કરતા નથી. જે જેવું હોય તેવું જ જણાવે છે, માટે જ તેમના વચન પ્રમાણભૂત છે.

( ૩ )

## ચા૦—વીતરાગને વચનવ્યવહારનું કાંઇ કારણ નથી.

તમે જે રાગદ્વેષ વગરના અને સમ્પૂર્ણ જ્ઞાની મહાપુરુષનું સ્વરૂપ જણાવો છો, તેવા મહાપુરુષને બોલવાનું કાંઇપણ પ્રયોજન નથી. વચનવ્યવહાર રાગદ્વેષથી જ થાય છે, અર્થાત્ વીતરાગતા અને વચનવ્યવહાર એ બન્ને પરસ્પરવિરુદ્ધ છે; માટે જો વચનવ્યવહાર હોય તો તેઓ વીતરાગ જ નથી અને વીતરાગ છે તો તેમનું વચન જ સંભવતું નથી એટલે આગમને પ્રમાણપણે સ્વીકારાય નહિં.

**સ્યા૦—રાગદ્વેષ વિના કરુણા વગેરેથી પણ વચન-વ્યવહાર થાય છે.**

વચનવ્યવહાર રાગદ્વેષથી જ થાય છે ને તે સિવાય થતો નથી એવો નિયમ નથી. લૌકિક ઉદાહરણો જોઇએ તો પણ એ સમજી શકાય છે. એક ન્યાયાધીશ પ્રમાણિકપણે ન્યાય આપવામાં કોઇની પણ શરમ રાખતો નથી, તેને ચોર પ્રત્યે કે શાહુકાર પ્રત્યે કંઈ રાગદ્વેષ નથી. પણ સત્ય ન્યાય આપવો તે તેનું કર્તવ્ય છે. વાદસભામાં મધ્યસ્થને વાદી કે પ્રતિવાદી પ્રત્યે પ્રેમ કે અપ્રેમ-પક્ષપાત જેવું કંઈ નથી છતાં તે એકનો વિજય અને બીજાનો પરાજય જાહેર કરે છે. એક ભૂલા પડેલા વટેમાર્ગુને દશ વર્ષનો નાનો બાળક સીધો માર્ગ બતાવે છે. તેમાં તેને મુસાફર તરફ રાગ કે દ્વેષ નથી. જે પ્રમાણે વિના રાગદ્વેષ પણ આ વચનવ્યવહારો ચાલે છે તે જ પ્રમાણે શ્રી જિનેશ્વર ભગવંતો ત્રિજગજ્જનના ઉદ્ધાર માટે સત્ય સ્વરૂપ ઉપદેશે છે. તીર્થંકરનામકર્મના ઉદયથી તે પૂજ્યો એકાન્ત હિતકર ઉપદેશ આપે છે. **अगिलाणाए धम्मदेसणाए** એ વચનથી ગ્લાનિ વગર ધર્મદેશના દેવાથી તીર્થંકરનામકર્મ વેદાય છે માટે આગમ માનવું જોઇએ.

**ચા૦—આગમ પરસ્પર વિરોધી હોવાથી પ્રમાણ નથી.**

તમારા કહેવા પ્રમાણે આગમ માનીએ તો પણ તેને પ્રમાણ તો ન જ મનાય; કારણ કે પ્રમાણ કદી વિસંવાદી ન હોય. આગમમાં તો ખૂબ વિસંવાદ છે. એક આગમ એક વસ્તુની સત્તા બતાવતું હોય છે તો અન્ય આગમ તેનો જ નિષેધ કરતું હોય છે. એક અમુક વસ્તુ કરણીય કહે છે તો બીજું તેને અકરણીય-અનાચરણીય જણાવે છે. એક કહે છે કે મારું કથન સત્ય છે. બીજું કહે છે તે મિથ્યા છે, આ સત્ય છે.

આમ આગમ જ અવિરોધી નથી ને લડે છે, તો તે પ્રમાણ-ભૂત કેમ માની શકાય ?

આ આત્માના સમ્બન્ધમાં જ આગમ વિચારીએ તો આર્હત્ આગમ કહે છે કે-**जीवो अणाइनिहणो नाणावरणाइ-कम्मसंज्जुतो ।** ઈત્યાદિ. શ્રુતિ કહે છે કે **नहि वै सशरीरस्य प्रियाप्रिययोरपहतिरस्ति, अशरीरं वा वसन्तं प्रियाप्रिये न स्पृशतः । अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः ।** વગેરે. સાંખ્ય દર્શન પ્રવર્તક કપિલ મુનિનું આગમ કહે છે-**अस्ति पुरुषोऽकर्ता निर्गुणो भोक्ता चिद्रूपः ।** ઈત્યાદિ જુદા જુદા આગમો આત્માનું અસ્તિત્વ જણાવે છે. આની સામે તે અને બીજા આગમો આત્માનું નાસ્તિત્વ કહે છે. શ્રુતિમાં કહ્યું છે કે-**पृथिव्यप्तेजो-वायुरिति भूतानि । तत्समुदायेषु शरीरेन्द्रियविषयसंज्ञा । विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्यसंज्ञास्ति ।** અમારા વૃદ્ધો કહે છે કે—

***एतावानेव लोकोऽयं, यावानिन्द्रियगोचरः ।**
**भद्रे ! वृकपदं पश्य, यद्वदन्ति बहुश्रुताः ॥**

---

* કોઇએક નાસ્તિકની સ્ત્રી આસ્તિક હતી. જ્ઞાની પુરુષોના વચનને પ્રમાણભૂત માની ધાર્મિક વર્તન કરતી હતી. આવા કજોડાને હંમેશ ધાર્મિક બાબતમાં વિવાદ ચાલતો હતો. નાસ્તિક પોતાની સ્ત્રીને આગમ વચન મિથ્યા છે-કલ્પિત છે એમ સમજાવવા બહુ પ્રયત્ન કરતો પણ સ્ત્રી માનતી નહિં. સ્ત્રીના વિચારો ફેરવવા એક વખત નાસ્તિકે એક યુક્તિ રચી. રાત્રિએ સર્વે સૂઇ ગયા પછી તે પોતાની સ્ત્રીને લઇને ગામ બહાર ગયો. ત્યાં તેણે પૃથ્વી ઉપર ધૂળમાં કળાથી આબાદ વરુના પગલાં ચિતર્યાં. ઠેઠ ગામના ઝાંપા સુધી એવું ચિત્રણ કરી આવીને સૂઇ ગયો. સવારે ગામને પાદરે લોકો ભેગા થયા ને વાતો કરવા લાગ્યાં કે-રાત્રે ગામમાં વરુ આવ્યું હતું. આ રહ્યાં તેના પગલાં. કોઇએ કહ્યું કે-

આ પ્રમાણે આગમની આવી વિચિત્ર સ્થિતિ હોવાથી તેને પ્રમાણભૂત કઇ રીતે માની શકાય ?

**સ્યા૦—યુક્તિશૂન્ય આગમજ ન મનાય ને યુક્તિયુક્ત આગમમાં વિરોધ જ ન હોય—**

તું જે એકબીજા આગમોમાં વિરોધો બતાવે છે તે આગમપ્રમાણનું રહસ્ય સમજ્યા વગરનું છે. અમે તને જે આગમો પ્રમાણ તરીકે સ્વીકારવા કહ્યું તેમાં વિરોધ છે જ નહિં. કષ-છેદ ને તાપથી જેમ કાંચનની પરીક્ષા થાય છે તેમ ત્રણ પ્રકારે આગમની પણ પરીક્ષા થાય છે. ત્રિકોટિશુદ્ધ આગમ જ પ્રમાણભૂત મનાય છે. તેં બતાવેલ વિરોધો તે સર્વ આગમના નથી. તે તો અલ્પજ્ઞોના કલ્પિત વચનોના છે ને કેટલાએક વિરોધો તેના વાસ્તવિક અર્થો ન સમજાયાથી થયેલા છે.

તે તે આગમોના કહેવાના આશયો જો યથાર્થ સમજાય તો વિરોધ જેવું રહે જ નહિં; માટે આગમસિદ્ધ આત્મા માનવો જોઇએ.

---

હા, તેની રાડ પણ સંભળાતી હતી. વળી એકે કહ્યું કે-અમુકનું બકરું પણ લઈ ગયું છે. નાસ્તિક પોતાની સ્ત્રીને લઇને ત્યાં આવ્યો હતો. લોકચર્ચાને અંતે તેણે પોતાની સ્ત્રીને કહ્યું કે-જો મારી આ એક સાધારણ રચના પાછળ લોકો આટલા ભ્રમમાં પડે છે ને સાચું માને છે, તો નિપુણ પુરુષોના કલ્પેલા અમુક વિચારો પાછળ માણસો ઘેલા બને તેમાં શું નવાઇ ? માટે શાસ્ત્રો એ તો અમુક લોકોએ પોતાની મહત્તા વધારવા માટે કલ્પેલા છે, તેમાં તથ્ય જેવું કાંઇ નથી. આ જેટલો ઇન્દ્રિયથી જણાય છે તેટલો જ લોક છે. માટે—

**पिब खाद च चारुलोचने ! यदतीतं वरगात्रि ! तन्न ते ॥**
**नहि भीरु ! गतं निवर्तते, समुदयमात्रमिदं कलेवरम् ॥१॥**

એમ કહી તેને પણ પોતાના વિચારની કરી.

(૪)

સ્યાદ્વાદી અને ચાર્વાકને પ્રથમ ચર્ચા થયાને બે માસ થઇ ગયા. હવે તો ઉપવનમાં સ્યાદ્વાદીની સભા જામતી જાય છે. નવા નવા અનેક પ્રશ્નો છણાય છે. અનેક દર્શનના વિચારો ચર્ચાય છે. એક વખત સ્યાદ્વાદી સભા ભરીને બેઠા છે. શરદ્ ઋતુનો સમય છે. ધરતી લીલીછમ થઈ ગઇ છે. આકાશમાં વાદળાઓ જગત્ ઉપર ઉપકાર કરીને જાણે વિશુદ્ધ યશ કમાયા હોય તેમ ઉજ્જવળતા ધારણ કરીને વિચરી રહ્યાં છે. તે વાદળોને ભેદીને ઉત્તરાચિત્રાનો તાપ જનતાને ખૂબ આકુળ-વ્યાકુળ કરી રહ્યો છે. એ તાપથી અત્યન્ત ઉદ્વિગ્ન થઈ કૃષીકર્મ કરતાં કૃષીવલોને પણ ગૃહ-સંસારથી વિરક્ત થવાની ભાવના થઇ આવે છે. એવે સમયે એક શીતળ તરુની શાન્ત છાયામાં સ્યાદ્વાદી સાથે અનેક વિચારકો વિચારણા ચલાવી રહ્યા છે. પ્રસંગ પામી ચાર્વાકે પૂછયું.

**ચા૦—અન્ય કોઈ પ્રમાણથી આત્મા સિદ્ધ થાય છે?**

આપે પ્રથમ આગમપ્રમાણથી આત્માની સિદ્ધિ કરી હતી, પણ એ સિવાય આત્માને માનવામાં કાંઈ પ્રમાણ કે યુક્તિ છે?

**સ્યા૦—અનુમાન પ્રમાણ ને તેથી આત્મસિદ્ધિ—**

આગમ સિવાય અનુમાન પ્રમાણથી પણ આત્મા સિદ્ધ થાય છે. અનુમાન એક પ્રમાણ છે. જંગલમાં ફરતા ફરતા દૂરથી પર્વત ઉપર મૂળમાંથી નીકળતો ધૂમાડો જોવાથી સમજાય છે કે આ સામેના પર્વતમાં અગ્નિ છે. રસોડામાં, લુહાર વગેરેની ભઠ્ઠીમાં વારંવાર જોવાથી એવો એક નિયમ ગ્રહણ થાય છે કે જ્યાં જ્યાં ધૂમાડો હોય ત્યાં ત્યાં અવશ્ય અગ્નિ હોય છે. એ

પ્રમાણે અમુક હોય ત્યાં અમુક હોવું જ જોઇએ એવા નિયમને વ્યાપ્તિ કહે છે. એ વ્યાપ્તિજ્ઞાનથી જે નિશ્ચય થાય તેને અનુમાન કહે છે. પર્વતમાં અગ્નિ છે. તેનું પ્રત્યક્ષ દર્શન થતું નથી, માટે તે અગ્નિનું જ્ઞાન પ્રત્યક્ષ નથી. જ્ઞાન થાય છે તે સત્ય છે, માટે તે જ્ઞાન કરાવનાર પ્રમાણ તે અનુમાન છે ને તેથી થતું જ્ઞાન પ્રમાણભૂત છે.

**ચા૦—અનુમાનનું ખંડન—**

**विशेषेऽनुगमाभावात्, सामान्ये सिद्धिसाधनात् ॥**
**तद्वतोऽनुपपन्नत्वा-दनुमानकथा कुतः ? ॥**

અનુમાનને પ્રમાણ ત્યારે જ માની શકાય કે જ્યારે નિયમ-ગ્રહ-વ્યાપ્તિજ્ઞાન યથાર્થ થઇ શકે, પણ તેજ સંભવતું નથી. રસોડામાંથી ને ભઠ્ઠીમાંથી નીકળતો ધૂમાડો રસોડાનો અને ભઠ્ઠીનો છે એટલે તેનાથી થતું જ્ઞાન તે રસોડાના અને ભઠ્ઠીના અગ્નિનું છે. ધૂમવિશેષ અને અગ્નિવિશેષનો નિયમ પર્વતમાં નકામો છે. પર્વતીય ધૂમ અને પર્વતીય અગ્નિ છે જે ચાલુ છે તેનો નિયમ પૂર્વે જાણ્યો નથી એટલે તેથી અનુમાન પ્રવર્તે નહિ. સાધારણ રીતે ધૂમ છે માટે અગ્નિ છે એવું જ્ઞાન તે નકામું છે. અમે પણ માનીએ છીએ કે વિશ્વમાં ધૂમ અને અગ્નિ એ બન્ને છે, તેને માટે અનુમાનની આવશ્યકતા નથી માટે અનુમાન પ્રમાણ નથી.

**સ્યા૦—અનુમાન પ્રમાણની સિદ્ધિ.**

પર્વતમાં દૂરથી ધૂમાડો જોવાથી અગ્નિનું જ્ઞાન થાય છે એ નિઃશંક છે. એ થતાં વાસ્તવિક જ્ઞાનને જો ધૂમને અગ્નિના નિયમજન્ય ન માનીએ તો તેને માટે જરૂર નવી કલ્પના કરવી પડશે. બીજી સર્વ કલ્પનાઓ કરતાં ધૂમાગ્નિના નિયમથી

એ થાય છે એમ માનવામાં સરલતા ને લાઘવ છે. બીજું નિયમ સાધારણ રીતે સામાન્ય હોય છે, તેમાં વિશેષને નાખવાની આવશ્યકતા હોતી નથી. રસોડામાં કે ભઠ્ઠીમાં દેખાતા ધૂમાડો ને અગ્નિ જે નિયમ બતાવે છે તે ધૂમાગ્નિના નિયમને જણાવે છે, તેમાં રસોડાને કે ભઠ્ઠીને કાંઈ લાગતું વળગતું નથી. નિયમગ્રહમાં બન્ને નકામા છે. નકામી વસ્તુ વધારીને નિયમને ભારે બનાવી અનુમાનનું ખંડન કરવું નકામું છે. જે સિવાય જે પદાર્થ ન રહી શકે તે બન્ને વચ્ચે નિયમ બંધાય છે. ધૂમ અગ્નિ વગર રહેતો નથી માટે તે બે વચ્ચે નિયમ છે. રસોડાને કે ભઠ્ઠીને તેમાં શું ? એટલે અનુમાન-પ્રમાણ માનવું જોઈએ.

( ૫ )

## ચા૦—અનુમાનથી આત્મસિદ્ધિ કઇ રીતે થાય ?

તમે બતાવો છો તે પ્રમાણે કદાચ અનુમાન પ્રમાણ હોય તો પણ તેથી આત્મા કઈ રીતે સિદ્ધ થાય છે ?

## સ્યા૦—અનુમાનથી આત્માની સિદ્ધિ.

કુહાડીથી કાષ્ઠ કપાય છે. કાષ્ઠને કાપનાર કુહાડી છે, પરંતુ એકલી કુહાડીમાં કાષ્ઠને કાપવાનું સામર્થ્ય નથી, તેને વાપરનાર-ચલાવનાર કોઇ માણસ હોય તો જ તે કાપે છે. એ જ પ્રમાણે સ્પર્શનથી શીત ઊષ્ણ વગેરે સ્પર્શોનું જ્ઞાન થાય છે, જિહ્વાથી તીખા મીઠા સ્વાદ જણાય છે, નાસિકાથી સારો નરસો ગંધ પરખાય છે, આંખથી કાળું ધોળું રૂપ દેખાય છે ને કાનથી નાનો મોટો શબ્દ સંભળાય છે. એ પ્રમાણે સર્વ ઇન્દ્રિયો પોતપોતાનાં કાર્યો કરે છે. પણ કેવળ ઇન્દ્રિયોમાં તે તે વિષયો જાણવાની તાકાત નથી. કુહાડીને વાપરનારની જરૂર રહે છે

તેમ ઇન્દ્રિયોને પણ ઉપયોગમાં લેનારની આવશ્યકતા રહે છે. ઇન્દ્રિયોને ઉપયોગમાં લેનાર જે છે તે આત્મા.

**ચા૦—ઇન્દ્રિયોથી સ્વયં જ્ઞાન થાય છે, આત્માની જરૂર નથી.**

કેવળ દૃષ્ટાન્તથી કોઇ વસ્તુની સિદ્ધિ થઇ શકે નહિં, તેની પાછળ પ્રબળ કોઇ પુરાવો હોય તો જ દૃષ્ટાન્ત તેને પોષક બને છે. કુહાડીના ઉદાહરણથી કાંઈ ઇન્દ્રિયોને સ્વયંજ્ઞાન કરાવવામાં અસમર્થ માની શકાય નહિં. અમે કહીએ છીએ કે ઇન્દ્રિયોથી થતાં સર્વ જ્ઞાનમાં બીજા કોઇની જરૂર નથી, ઇન્દ્રિયો તે કરાવી શકે છે; માટે આત્માની તેને માટે આવશ્યકતા નથી.

**સ્યા૦—મૃત શરીરથી જ્ઞાન નથી થતું માટે ઇન્દ્રિયો સ્વતંત્ર જ્ઞાન કરાવી શકે નહિં.**

જો ઇન્દ્રિયોમાં સ્વયં અન્ય કોઇ પણ પદાર્થની અપેક્ષા વગર સ્વતંત્ર જ્ઞાન કરાવવાની શક્તિ હોય તો જે પ્રમાણે ચાલુ–જીવતા શરીરથી જ્ઞાન થાય છે તે પ્રમાણે મૃતક–મરણ પામેલ શરીરથી પણ થવું જોઇએ. મૃતક શરીરમાં સર્વ ઇન્દ્રિયો કાયમ છે છતાં જ્ઞાન થતું નથી માટે જ્ઞાનમાં ઇન્દ્રિયો તો કેવળ નિમિત્તભૂત છે. જ્ઞાન ગ્રહણ કરનાર તો કોઇ અન્ય જ છે. વળી ઇન્દ્રિયોથી ભિન્ન જ્ઞાતા ન માનીએ તો **नान्यदृष्टं स्मरत्यन्यः** બીજાનું અનુભવેલ બીજા કોઇને યાદ આવતું નથી. દેવદત્તે કાંઈપણ જોયું હોય તે કાંઈ જિનદત્તને સાંભરતું નથી. એટલે ઇન્દ્રિયોને જો સ્વતંત્રપણે જાણનાર માનવામાં આવે તો તે તે ઇન્દ્રિયો જૂદી પડી ગયા પછી, તેનો નાશ થયા પછી જે યાદ આવે છે તે કોને ? ચામડીથી થયેલા સ્પર્શોનું જ્ઞાન ચામડી જૂદી પડી ગયા પછી, જીભથી લીધેલા સ્વાદો જીભ છેદાયા બાદ, નાસિકાથી

સૂંઘેલ ગન્ધ નાક કપાયા બાદ કે નિરુપયોગી થયા પછી, આંખે જોયેલું રૂપ અંધાપો આવ્યા પછી, કાને સાંભળેલ શબ્દો બહેરાશ થયા પછી પણ યાદ આવે છે. અનુભવ કરનાર ઇન્દ્રિયો નથી છતાં જે યાદ આવે છે તે આત્મા વગર સંભવી શકે નહિં. અર્થાત્ ઇન્દ્રિયોથી અનુભવ ગ્રહણ કરનાર તો આત્મા જ છે. ને તેનો નાશ નથી થયો માટે તેને સર્વ યાદ આવે છે માટે આત્મા માનવો જોઇએ.

## ચા૦—પ્રાણવાયુથી આત્માની જરૂરીયાત રહેતી નથી.

જ્યાં સુધી આ શરીરમાં પ્રાણવાયુ છે ત્યાં સુધી જ ઇન્દ્રિયો કાર્ય કરી શકે છે. પ્રાણવાયુ ચાલ્યા ગયા પછી કાર્ય થતું નથી. જીવતા શરીરમાં ને મૃતકમાં ફેર પણ તેટલો જ હોય છે. મૃતકમાં પ્રાણવાયુ નહિં હોવાને કારણે છતી ઇન્દ્રિયોથી જ્ઞાન થતું નથી. બીજું ઇન્દ્રિયો સાથે પ્રાણવાયુ પણ સર્વ અનુભવો ગ્રહણ કરે છે ને તે મનદ્વારા સર્વ સ્મરણમાં લાવે છે. એટલે ઇન્દ્રિયોના નાશ પછી પણ જે યાદ આવે છે તે પણ અસંભવિત કે અજૂગતું નથી, એટલે આત્મા સિવાય પણ સર્વ વ્યવસ્થા ચાલે છે, તો શામાટે આત્મા માનવો જોઇએ ?

( ૬ )

## સ્યા૦—બાળકરુદન ને સ્તન્યપાનથી આત્મસિદ્ધિ.

જન્મતાંની સાથે બાળક રુદન કરે છે ને ભૂખ લાગતાં તરત જ સ્તન્યપાન કરવા લાગે છે. એ પ્રમાણે કરવાનું કોઇએ પણ બાળકને શિક્ષણ આપ્યું નથી, છતાં પ્રવૃત્તિ કરે છે. એ પ્રવૃત્તિમાં કંઇપણ કારણ અવશ્ય હોવું જોઇએ. પૂર્વ-જન્મના સંસ્કાર વગર એવી પ્રવૃત્તિઓ સંભવે નહિં માટે પૂર્વજન્મ અને સંસ્કાર ગ્રહણ કરનાર કોઇ તત્ત્વ અવશ્ય

માનવું જોઈએ. પ્રાણવાયુમાં એ સંસ્કાર ગ્રહણ કરવાનું સામર્થ્ય નથી. જન્મ જન્માન્તરમાં એક જ પ્રાણવાયુ સંચરતો નથી. શરીરો જેમ જુદા જુદા પ્રાપ્ત થાય છે તેમ પ્રાણવાયુ પણ જુદો જુદો હોય છે. એટલે આત્મા એક એવી શાશ્વત વસ્તુ છે કે જે વિવિધ સંસ્કારવશ નાના પ્રકારની પ્રવૃત્તિઓ કરે છે, સુખદુઃખ વેઠે છે ને વિચરે છે.

**ચા૦—ભૂતોના વિચિત્ર સ્વભાવથી જ પ્રવૃત્તિઓ ચાલે છે.**

જન્મતાંની સાથે બાળક રુદન કરે છે કે ભૂખ લાગતાં સ્તન્યપાન કરવા–ધાવવા લાગે છે તેથી આત્મા માનવો જોઇએ એવું કાંઇ નથી. પંચભૂતોના સમ્મિશ્રણમાં એવો સ્વભાવ છે કે તેથી વિવિધ પ્રવૃત્તિઓ ચાલે છે. **अग्निर्दहति नाकाशं कोऽत्र पर्यनुयुज्यते।** અગ્નિ આકાશને કેમ બાળતો નથી? એવો પ્રશ્ન કોઇ કરતું નથી કારણ કે તેનો સ્વભાવ જ કાષ્ઠાદિને દહવાનો છે. આકાશને બાળવાનો નથી. એ પ્રમાણે ભૂતોની અચિન્ત્ય શક્તિ છે, તેથી સર્વ દેખાતી પ્રવૃત્તિઓનો નિર્વાહ થાય છે, તો શામાટે આત્મા માનવો જોઈએ? આત્મા, પરભવ, ત્યાં ગ્રહણ કરેલ સંસ્કાર, તેનો અહિં ઉદ્બોધ, તે ઉદ્બોધના નિમિત્તો, કાળાન્તરે સંસ્કારોનો વિનાશ વગેરે લાંબું લાંબું માનવામાં કેટલું બધું ગૌરવ છે માટે આત્મા માનવામાં કોઇ પ્રબલ કારણ છે નહિ.

**સ્યા૦—જાતિ-સ્મરણથી આત્માની સિદ્ધિ.**

વિશ્વમાં ચાલતી સર્વ પ્રવૃત્તિઓને જો કોઇના સ્વભાવ ઉપર છોડી દેવામાં આવે તો કાર્યકારણની જે વ્યવસ્થા છે તે નાશ પામે ને તે વ્યવસ્થાના લોપ સાથે જ વ્યવહાર માત્ર સ્થગિત થઇ જાય. સંભવિત કારણો કે ઉપાયો જ્યાં કારગત ન થતાં હોય ત્યાં જ છેવટે સ્વભાવનું શરણ સ્વીકારવું પડે

છે, માટે ચાલતા વ્યવહારોને અખંડિત રાખવા માટે આત્મા વગેરે માનવામાં ગૌરવ જેવું કાંઇ છે જ નહિં. વ્યવહારની અવ્યવસ્થા કરતાં તેની વ્યવસ્થા માટે માનવામાં આવતી યુક્તિસિદ્ધ વસ્તુઓ સ્વીકાર્ય જ છે.

બીજું કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓને પૂર્વાનુભૂત સ્થળ વગેરે જોવાથી પૂર્વજન્મના સ્મરણ થાય છે, જેને શાસ્ત્રીય ભાષામાં જાતિસ્મરણ જ્ઞાન કહેવામાં આવે છે. જાતિસ્મરણથી આ જન્મમાં નહિં અનુભવેલ અને નહિં જોયેલ હકીકતો તેઓ કહે છે. લોકો આશ્ચર્ય પામે છે ને તપાસ કરતાં સર્વ સત્ય નીકળે છે. જો પૂર્વજન્મ-ત્યાં સંસ્કાર ગ્રહણ કરનાર નિયત-ચૈતન્યવાળો પદાર્થ ન હોય તો આ સર્વ કઇ રીતે સંગત થાય? માટે આત્મા છે ને તેથી સર્વ વ્યવસ્થા ચાલે છે.

## ચા૦—જાતિસ્મરણ વગેરે મિથ્યા છે.

તમે પૂર્વજન્મનું સ્મરણ થાય છે માટે આત્મા માનવો જોઇએ એમ જે કહો છો તે અમારી માન્યતા પ્રમાણે માની શકાય નહિં. અમે તો કહીએ છીએ કે એક આંધળો માણસ ગોખલામાં ઘણા પત્થર ફેંકે તેમાં ઘણાખરા તો નીચે જ પડે ને કોઈ એક પત્થર ગોખમાં પડી જાય, તેથી તે કંઈ દેખતો છે એમ કહી શકાય નહિં. એ જ પ્રમાણે કેટલીએક વ્યક્તિઓ પોતાનું માહાત્મ્ય વધારવા માટે મને પૂર્વજન્મનું જ્ઞાન થયું છે એમ કહે છે. તેમાં કોઇ એક વ્યક્તિની કેટલીક હકીકતો મળતી આવે તેથી પૂર્વજન્મ, આત્મા વગેરે છે એમ માની શકાય નહિં, માટે અનુમાનથી સિદ્ધ થતો આત્મા ખરી રીતે તો અસિદ્ધ જ છે. આત્મા પ્રત્યક્ષથી મનાતો હોય તો દર્શાવો.

## સ્યા૦—પ્રત્યક્ષ પ્રમાણથી આત્માની સિદ્ધિ.

આ વસ્તુ મારી છે, એમ જે કહેવામાં આવે છે તેમાં તે વસ્તુ અને મારી છે એમ કહેનાર એ બન્ને જુદા હોય છે.

એ જ પ્રમાણે આ શરીર મારું છે, એ સ્થાને પણ શરીર અને મારું છે એમ કહેનાર બન્ને જુદાં જ માનવા જોઇએ. શરીરથી જુદો મારું છે એમ કહેનાર જે છે તે જ આત્મા છે. 'હું છું' એવું ભાન પણ શરીરથી જુદો જે પદાર્થ છે તેને જ થાય છે. દરેકને પોતાના આત્માનું વ્યક્ત કે અવ્યક્ત પ્રત્યક્ષ હોય છે. વિશિષ્ટ જ્ઞાનથી બીજા આત્માઓ ને તેમાં થતાં પરિવર્તનો પણ પ્રત્યક્ષ જાણી શકાય છે.

અવગ્રહ, ઇહા, અપાય ને ધારણા એ ચાર જ્ઞાનની ભૂમિકાઓ છે.* જ્ઞાન સ્વસંવેદ્ય ને પ્રત્યક્ષ છે. જ્ઞાન એ ગુણ છે. ગુણી સિવાય ગુણ કદી પણ ઉપલબ્ધ થતો નથી. જ્ઞાન એ શરીરનો કે જડનો ગુણ નથી એ નિશ્ચિત છે. એટલે જ્ઞાન ગુણનો આધાર આત્મા છે. જ્ઞાન પ્રત્યક્ષ છે એટલે તેનો આધાર આત્મા પણ પ્રત્યક્ષ જ છે.

એ પ્રમાણે આત્મા આગમ, અનુમાન અને પ્રત્યક્ષ એમ ત્રણે પ્રમાણોથી સિદ્ધ થાય છે, એ સ્યાદ્વાદીએ સમજાવ્યું એટલે ચાર્વાક ચૂપ થઇ ગયો.

## ઈત્યાત્મવાદે ચાર્વાકમતખંડનાખ્યં દ્વિતીયં પ્રકરણમ્.

---

* જેનો નિર્દેશ કરી શકાય નહિં એવા સામાન્ય જ્ઞાનને **અવગ્રહ** કહે છે. વસ્તુમાં નહિં રહેલ ધર્મો ગ્રહણ ન કરવા અને રહેલા ધર્મો ગ્રહણ કરવા એવું જે જ્ઞાન થાય છે તેને **ઇહા** કહે છે. ગ્રહણ થયેલા ધર્મો તે વસ્તુમાં છે જ ને નહિં ગ્રહણ થયેલા ધર્મો તેમાં નથી જ એવું જે ચોક્કસ જ્ઞાન થાય છે તેને **અપાય** કહે છે. ધારણાના ત્રણ ભેદ છે. અવિચ્યુતિ, વાસના અને સ્મૃતિ. તેમાં અપાય થયા બાદ અન્તર્મુહૂર્ત સુધી તે જ્ઞાનનો જે ઉપયોગ રહે તે **અવિચ્યુતિ** કહેવાય છે, સંખ્યાતા કે અસંખ્યાતા કાળ સુધી તે જ્ઞાનનો જે સંસ્કાર રહે તેને **વાસના** કહે છે, જે જ્ઞાન થયું છે તેના સદૃશ પદાર્થનાં દર્શન વગેરે થવાથી સંસ્કારનો ઉદ્બોધ થઇને જે જ્ઞાન થાય છે તેને **સ્મૃતિ** કહે છે.

# પ્રકરણ ત્રીજું

## બૌદ્ધમતખંડન

(૧)

સ્યાદ્વાદીની સભામાં આત્માનું સ્વરૂપ સુન્દર ચર્ચાતું તેમાં અનેક જિજ્ઞાસુઓ આવતા ને રસ લેતા હતા. આત્મા છે, એ નક્કી થયું એટલે તે કેવો છે? તેની ચર્ચા શરુ થઈ. તેમાં પ્રથમ બૌદ્ધે પ્રશ્ન કર્યો.

**બૌદ્ધ—આત્મા વિજ્ઞાનસ્વરૂપ છે.**

આત્મા છે એ નક્કી છે પણ તે વિજ્ઞાનસ્વરૂપ છે. અમે અનેક રીતે તેને તે સ્વરૂપે સિદ્ધ કરેલ છે. તમે તે રીતે માનતા હો તો ચર્ચાને કંઈ સ્થાન નથી ને તેમ ન હોય તેનું શું સ્વરૂપ છે તે દર્શાવો.

**સ્યા૦—આત્મા કેવળ વિજ્ઞાનસ્વરૂપ જ નથી.**

આત્માનું વિજ્ઞાનસ્વરૂપ છે એ માન્યતા સત્ય છે, પણ આત્મા વિજ્ઞાનસ્વરૂપ જ છે તે મિથ્યા છે. વિજ્ઞાન સિવાયના આત્માના બીજા પણ અનેક સ્વરૂપો છે.

**બૌ૦—વિજ્ઞાન સિવાય અન્ય કાંઇ નથી માટે આત્મા વિજ્ઞાનરૂપ જ છે.**

વિશ્વમાં વસ્તુમાત્ર વિજ્ઞાનસ્વરૂપ જ છે. જગત્ વિજ્ઞાન-

મય છે, માટે આત્મા પણ વિજ્ઞાનમય જ છે. વિજ્ઞાનથી અતિરિક્ત કોઈ બીજી વસ્તુ સંભવતી હોય તો ને?

**સ્યા૦—વિજ્ઞાનથી જુદા ઘટ, પટ વગેરે છે.**

વિશ્વને વિજ્ઞાનમય જ માનવામાં આવે તો ચાલતો વ્યવહાર માત્ર અટકી જાય. વિશ્વમાં વિજ્ઞાનથી ભિન્ન ઘટ, પટ વગેરે સંખ્યાતીત વસ્તુઓ છે. દેખાતા ઘટ, પટાદિ વિજ્ઞાનસ્વરૂપ નથી, જડ છે.

**બૌ૦—ઘટ, પટાદિ પ્રમાણસિદ્ધ નથી.**

દેખાતા ઘટ, પટાદિ વિજ્ઞાનથી જુદા ત્યારે જ મનાય કે પ્રથમ તેની વાસ્તવિકતા પ્રમાણસિદ્ધ થાય. પણ તે જ નથી. ઘટ-પટાદિ પરમાણુરૂપ છે કે અવયવીસ્વરૂપ? પરમાણુસ્વરૂપ તે નથી સંભવતા. પ્રત્યક્ષ કે અનુમાન એ બે પ્રમાણમાંથી કોઇ પણ રીતે પરમાણુ માની શકાતો નથી.

પરમાણુ કોઇપણ ઈન્દ્રિયથી પ્રત્યક્ષ થતો નથી તે તમને પણ માન્ય છે. યોગીઓને પરમાણુ પ્રત્યક્ષ જણાય છે એમ કહેવું એ તો વંચનામાત્ર છે. અમે કહીએ કે નથી જણાતો એટલે તેમાં વળી બીજા પ્રમાણો શોધવા પડે.

પરમાણુને સિદ્ધ કરતો એવો કોઈ અવ્યભિચારિહેતુ નથી એટલે અનુમાન પ્રમાણ પણ તેની સિદ્ધિ કરી શકતું નથી. પરમાણુરૂપ અવયવ જ સંભવતો નથી એટલે તેથી બનતો અવયવી પણ સિદ્ધ થતો નથી માટે ઘટ, પટાદિ કોઈ પણ પ્રકારે માની શકાય નહિં.

**સ્યા૦—ઘટ, પટાદિ પ્રમાણસિદ્ધ છે.**

પ્રત્યક્ષ ઉપલબ્ધ થતાં ઘટ, પટ વગેરે પ્રમાણસિદ્ધ થતા

નથી એમ કહેવું તે મહાઅસત્ય છે. પરમાણુની સત્તાધીન ઘટપટની સત્તા છે ને પરમાણુ સિદ્ધ થતો નથી માટે ઘટ, પટાદિ નથી તે વિચારભ્રમ છે. આપણે સ્થૂળ ચક્ષુથી પરમાણુને ન નીરખી શકીએ તેથી તે નથી એમ કેમ મનાય? ઘટ,પટ વગેરેની સત્તા સ્વયંસિદ્ધ પ્રત્યક્ષ છે. તે પ્રત્યક્ષ દેખાતા કાર્યો જ તેના અન્તિમ કારણ તરીકે પરમાણુને સિદ્ધ કરે છે. યોગીઓના પ્રત્યક્ષને મિથ્યા માનવામાં શું પ્રમાણ છે? યોગીઓ કહે છે કે 'અમને પરમાણુ પ્રત્યક્ષ દેખાય છે' તે કથનમાં તેઓને કોઇપણ જાતનો સ્વાર્થ નથી, માટે તે પ્રમાણભૂત માનવું જોઇએ. એટલે પરમાણુ પણ પ્રમાણસિદ્ધ છે; માટે વિજ્ઞાનથી ભિન્ન ઘટ, પટાદિ અનેક પદાર્થો પ્રમાણસિદ્ધ છે.

**બૌ૦—ઘટ, પટ વગેરે સર્વ મિથ્યા છે.**

તમારા કહેવાનો મૂળ આશય આ દેખાતા ઘટ, પટ વગેરેને આધારે પરમાણુને સિદ્ધ કરવાનો છે. આ પ્રત્યક્ષ દેખાય છે તેનો તમે અપલાપ કરી શકતા નથી, પરન્તુ આ દેખાય છે એ જ વાસ્તવિક નથી. અનાદિકાળની મિથ્યા વાસનાથી વિજ્ઞાન તે આકારે પરિણત થાય છે ને ઇન્દ્રિયોદ્વારા અન્તઃકરણમાં તેના પ્રતિબિમ્બો પાડે છે. તાત્વિક રીતે ઘટ, પટાદિ કોઈ પણ પદાર્થ હસ્તી ધરાવતો નથી છતાં ઝાંઝવાના જળની માફક દેખાય છે. સ્વપ્નમાં કાંઇપણ નથી હોતું છતાં સર્વ અજ્ઞાનથી કલ્પાય છે ને દેખાય છે. જાગૃતિમાં આપણે સમજીએ છીએ કે સ્વપ્નમાં દેખેલ સર્વ મિથ્યા છે. એ જ પ્રમાણે બાહ્ય પરિસ્થિતિ છે. માટે વિજ્ઞાન એક જ સત્ય ને પ્રમાણસિદ્ધ છે.

( ૨ )

## સ્યા૦—વિજ્ઞાન છે તો બીજા પદાર્થો પણ છે જ

જ્ઞાન-વિજ્ઞાન એ સવિષયક પદાર્થ છે. વિષય વગરનું

વિજ્ઞાન સંભવતું નથી. વિજ્ઞાનમય વિશ્વને માનવામાં આવે તો, વિજ્ઞાનને કાં તો નિર્વિષયક માનવું પડે નહિં તો પરસ્પરાશ્રય–અનવસ્થા વગેરે મહાદોષોના ભોગ થવું પડે. ચૈતન્યસ્વરૂપ જ્ઞાન અને જડ ઘટ, પટાદિને જુદા વાસ્તવિક માનતા કોઇપણ દોષ સંભવતો નથી માટે અન્ય પદાર્થો માનવા જોઇએ.

**બૌ૦—વિષય વગરનું વિજ્ઞાન છે.**

વિજ્ઞાનના વિષય તરીકે ઘટ, પટાદિની સિદ્ધિ યુક્ત નથી. વિજ્ઞાનના વિષય તરીકે જણાતા ઘટ, પટાદિ તેના જ કલ્પેલા આભાસો–આકારો છે. બીજું વિજ્ઞાનને વિષય હોવો જ જોઇએ એવો નિયમ નથી. ઘણા વિજ્ઞાનો વિષય વગરનાં જણાય છે. કેટલીએ વખત આકાશમાં કંઇ પણ નથી હોતું છતાં ઝીણી ઝીણી દોરીઓ લટકતી હોય એવું જ્ઞાન થાય છે, જેને આકાશકેશજ્ઞાન કહેવામાં આવે છે. તે જ્ઞાન તદ્દન નિર્વિષય છે. વળી સ્વપ્નામાં જે જ્ઞાન થાય છે તેને કંઇપણ વિષય હોતો જ નથી, માટે વિજ્ઞાનમય વિશ્વને માનવામાં કંઇપણ આપત્તિ નથી.

**સ્યા૦—વિષય વગરનું વિજ્ઞાન હોતું જ નથી.**

વિજ્ઞાનને નિર્વિષયક માનવું એ તો ઘણું જ ભયંકર છે. આકાશકેશજ્ઞાન કે સ્વપ્નજ્ઞાન જેવાં ભ્રમાત્મક જ્ઞાનોને દૃષ્ટાંત તરીકે જણાવી જ્ઞાનને વિષય વગર સમજાવવું એ પણ એક મહાભ્રમ છે; કારણ કે આકાશકેશજ્ઞાન નિર્વિષય નથી. આકાશમાં ફેલાયેલા પ્રકાશના તેવા પ્રકારના કિરણવિસ્તારમાં આકાશકેશનો ભ્રમ થાય છે. તે ભ્રમ પણ તેને જ થાય છે કે જેને સાચા કેશનું જ્ઞાન હોય છે. સ્વપ્નમાં દેખાતા પદાર્થો તો અનુભવેલ પદાર્થોના મનમાં પડેલા સંસ્કારોનું અર્ધનિદ્રા–તન્દ્રા અવસ્થામાં સ્મરણ થવાથી જણાય છે. વાત, પિત્ત ને કફના વિકારથી

સ્વપ્નસૃષ્ટિ ખડી થાય છે. કોઇ કોઇ વખત દેવતાઓ દિવ્યાનુભાવથી સ્વપ્નમાં નહિ અનુભવેલ પદાર્થો દેખાડે છે. એટલે સ્વપ્નમાં દેખાતી વસ્તુઓ તદ્દન અવાસ્તવિક હોતી જ નથી; જેમ આંખ મીંચીને વિચાર કરવાથી દૃઢ સંસ્કાર પડેલ પદાર્થો સામે આવીને ખડા થાય છે તે જ પ્રમાણે વિશ્વમાં વિદ્યમાન પદાર્થો જ સ્વપ્નમાં ખડા થાય છે.

ભાષ્યકારે પણ સ્વપ્નનાં નિમિત્તો જણાવતા ખાસ કરીને અભાવની કારણતાને નિષેધી છે.

**अणुहूयदिट्ठचिन्तिय–सुयपयइवियारदेवयाणुहवा ।**
**सुमिणस्स निमित्ताइं, पुण्णं पावं च नाभावो ॥**

માટે સ્વપ્ન જે પ્રમાણે તદ્દન નિર્વિષય નથી તે જ પ્રમાણે વિજ્ઞાન પણ તદ્દન વિષય વગરનું સંભવતું નથી.

### બૌ૦—આ દેખાય છે તે સર્વ ભ્રમ છે

તમો કહો છો તે ઠીક છે, પરંતુ સ્વપ્નમાં જેમ કાલ્પનિક સૃષ્ટિ ખડી થાય છે તે જ પ્રમાણે આ બાહ્ય દેખાતા ઘટ, પટ વગેરે પદાર્થો કલ્પનાથી જ થયેલ છે. પ્રખર તાપથી તપેલાને રેતીના રણમાં મૃગજળ–ઝાંઝવાના જળની ભ્રાન્તિ થાય છે તેમ આ સર્વ ભ્રાન્તિ જ છે. વાસ્તવિક કોઈ હોય તો તે એક વિજ્ઞાન જ છે.

### સ્યા૦—ભ્રમ છે તો સત્ય પદાર્થ છે જ

ભ્રમ કે ભ્રાન્તિનું સ્વરૂપ જ સત્ય પદાર્થને સમજાવે છે. ભ્રાન્તિ એટલે જે વસ્તુ જ્યાં ન હોય ત્યાં તે વસ્તુનું ભાન થવું. જેમ છીપ એ રૂપું નથી છતાં તેને રૂપા તરીકે સમજવી તે ભ્રાન્તિ છે. પણ જેને રૂપાનું વાસ્તવિક જ્ઞાન નથી તેને

છીપ કે કોઇ પણ પદાર્થમાં રૂપાનો ભ્રમ થતો નથી. વાસ્તવિક રૂપું ને તેનું સત્ય જ્ઞાન છે માટે તેનો ભ્રમ થાય છે. કોઇને પણ આ આકાશનું ફૂલ છે કે વાંઝણીનો છોકરો છે એવું મિથ્યા જ્ઞાન પણ થતું નથી, માટે આ સ્પષ્ટ દેખાતા પદાર્થોને ભ્રમાત્મક માનતા અન્ય કોઇ સ્થળે તેને સાચા માનવા જ પડશે. બીજું ભ્રમાત્મક પદાર્થથી કોઇ પણ કાર્યની સિદ્ધિ થતી નથી. સ્વપ્નમાં જણાતા પદાર્થો કોઈપણ પ્રકારના કામમાં આવતા નથી. ઝાંઝવાના જળથી તરસ છીપતી નથી. એ પ્રમાણે આ દેખાતા પદાર્થો પણ કાલ્પનિક માનવામાં આવે તો તેથી પણ કંઈ પણ કાર્ય થાય નહિં. ત્યાં પણ એમ કહેશો કે કાંઇપણ કાર્ય થતું જ નથી, દેખાતા કાર્યો પણ ભ્રમ છે, તો તમારી વિચારણાનો છેડો જ નહિં આવે. સર્વ વિચારણાઓ અવ્યવસ્થિત થઈ જશે. સ્વપ્નમાં બનતા પદાર્થો અને જાગૃત દશામાં મળતા પદાર્થો બન્ને એક સરખા ભ્રમરૂપ છે તો બન્નેથી એક સરખા ફૂલ કેમ નથી નીપજતા? સમાન ફળ થવા જોઇએ. જે માટે કહ્યું છે કે—

**आशामोदकतृप्ता ये, ये चास्वादितमोदकाः ।**
**रसवीर्यविपाकादि, तुल्यं तेषां प्रसज्यते ॥**

વિશેષ તો શું પણ બાહ્ય વસ્તુને ભ્રમાત્મક સિદ્ધ કરવા પ્રયત્ન કરતા તમને કોઇ કહેશે કે વિજ્ઞાન પણ નથી, તે પણ એક ભ્રમ છે તો તેનો પ્રતીકાર પણ નહિં કરી શકો, કારણ કે તમે પોતે જ ભ્રમરૂપ છો, તમારાથી સત્ય વસ્તુ માની શકાય નહિં એ રીતે તમારે આખર શૂન્યવાદનું શરણ સ્વીકારવું પડશે એટલે ઘટ, પટાદિ સર્વ વાસ્તવિક પ્રમાણસિદ્ધ છે એમ માનવું જોઇએ.

( ૩ )

## સ્યા૦-આત્મા સુખ, વીર્ય વગેરે સ્વરૂપ છે.

પૂર્વે જણાવ્યું તેમ વિજ્ઞાનથી ઘટ, પટ વિગેરે જે પ્રમાણે જુદા છે તે પ્રમાણે સુખ, વીર્ય (બળ) વગેરે પણ જ્ઞાનભિન્ન છે. એટલે જે રીતે આત્મા વિજ્ઞાનસ્વરૂપ માનવામાં આવે છે તે જ રીતે તેને સુખાત્મક, વીર્યાત્મક વગેરે સ્વરૂપ પણ માનવો જોઇએ.

આત્મા તે તે સ્વરૂપે આ પ્રમાણે છે. જે વસ્તુ જેનાથી જુદી પડી શકતી નથી તે તે સ્વરૂપ છે. વસ્ત્ર, તાંતણાથી જુદું ગ્રહણ થતું નથી માટે તાંતણારૂપ છે. એ જ પ્રમાણે જ્ઞાન વગરનો આત્મા અતિરિક્ત-જુદો રહી શકતો નથી માટે જ્ઞાન-સ્વરૂપ છે. નિશ્ચય દૃષ્ટિએ ગુણ ગુણી બન્ને પરસ્પર અભિન્ન છે એટલે આત્માથી જ્ઞાન જુદું નથી ને જ્ઞાનથી આત્મા જુદો નથી.

વ્યવહારમાં પણ ઉપચારથી આત્મા જ્ઞાનમય માની શકાય છે. જે પ્રમાણે જ્ઞાનરૂપ છે તે જ પ્રમાણે સુખ ગુણવાળો આત્મા સુખરૂપ અને વીર્ય ગુણ યુક્ત આત્મા વીર્યરૂપ માનવામાં આવે છે. એમ અનન્ત ગુણનો આશ્રય આત્મા અનન્તરૂપ છે પણ કેવળ જ્ઞાનસ્વરૂપ જ નથી.

## બૌ૦-સુખ, બળ વગેરે જ્ઞાનથી જુદા નથી.

ઘટ, પટ વગેરે કદાચ વિજ્ઞાનથી જુદા સંભવે પણ સુખ, બળ વગેરે આત્મગુણો તો જ્ઞાનરૂપ છે. એટલે આત્માને જ્ઞાનરૂપ માનવાથી જ તેમાં બળ, સુખ વગેરે સર્વ સમાઈ જાય છે. તેને જુદા માનવામાં કંઇપણ પ્રમાણ નથી.

## સ્યા૦-જ્ઞાનથી સુખાદિ જુદા છે તે પ્રમાણસિદ્ધ છે.

સુખ વગેરેને જ્ઞાનસ્વરૂપ જ માનવામાં આવે તો અનેક

અનુભવોનો અપલાપ કરવો પડે. એક આત્મામાં જ્ઞાનની માત્રા તદ્દન અલ્પ છે છતાં સુખ અને બળ વિશેષે છે. બીજામાં જ્ઞાન ઘણું હોવા છતાં સુખ કે બળની અલ્પતા જણાય છે. જો ત્રણે એક જ હોય તો જ્ઞાનના પ્રમાણે સુખ, વીર્ય વગેરેની માત્રા રહેવી જોઇએ; એમ નથી બનતું માટે દરેકને જુદા માનવા જોઇએ. જ્ઞાન, સુખ અને બળના કારણો પણ જુદા છે. જુદા જુદા કારણથી નીપજતા કાર્યો એક કેમ હોઇ શકે !

આ સર્વ હકીકત નિશ્ચય રીતે કહી. વ્યવહાર દૃષ્ટિએ તો આત્મા તે તે ગુણોનો આશ્રય છે. જો એમ ન હોય તો ગુણના નાશે ગુણીનો પણ નાશ થાય, પણ એમ બનતું નથી. આત્મા તો નિત્ય છે માટે તે તે ગુણોનો આશ્રય આત્માને માનવો. એ પ્રમાણે આત્માનું કોઇ એક જ સ્વરૂપ નથી પણ ઘણા સ્વરૂપો છે.

**બૌ૦—આત્માને ઘણા સ્વરૂપ માનતા દુઃખરૂપ પણ માનવો જોઇએ.**

તમે આત્માને અનેક પ્રકારનો જણાવો છે તે રીતે તમારે આત્માને દુઃખરૂપ કે દુઃખનો આશ્રય પણ માનવો જોઇએ; કારણ કે જે પ્રમાણે આત્મા જ્ઞાની, સુખી, બલવાન્ વગેરે કહેવાય છે તે જ પ્રમાણે દુઃખી પણ કહેવાય છે. જ્ઞાનરૂપ જ આત્મા માનીએ એટલે તેવા કોઇ પ્રકારો રહેતા જ નથી.

**સ્યા૦—દુઃખ એ આત્માનો ગુણ નથી.**

જે કોઇ પદાર્થનો કોઇ ગુણ માનવામાં આવે છે તે તેમાં સ્વાભાવિક રહેતો હોય તો જ માનવામાં આવે છે. શુદ્ધ-ઉજ્જ્વળ સ્ફટિકની પાછળ લાલ કે કાળી વસ્તુ મૂકવાથી તે લાલ કે કાળું દેખાય તેથી તેમાં લાલ રંગ કે શ્યામ રૂપ છે એમ

માની શકાતું નથી. એ પ્રમાણે શુદ્ધ આત્મામાં જ્ઞાન, સુખ, વીર્ય વગેરે સ્વાભાવિક રહે છે. દુઃખ વગેરે તો કર્મ-પુદ્ગલના સંસર્ગથી આવેલા છે. ઉપાધિથી આવેલા તે આત્માના ગુણ તરીકે મનાય નહિં.

**બૌ૦—જો દુઃખ એ આત્માનો ગુણ નથી તો સુખ પણ નથી.**

જે પ્રમાણે કર્મ વગેરેના સંસર્ગથી દુઃખ આત્મામાં આવે છે તે જ પ્રમાણે સુખ પણ કર્મસંસર્ગથી જ આવે છે માટે સુખને પણ આત્માનો ગુણ માનવો ન જોઇએ, માટે જ કહેવાય છે કે.

**कर्मण एव सामर्थ्य-मेको दुःख्यपरः सुखी ॥**

એટલે જો સુખ આત્મગુણ છે તો દુઃખ પણ છે; ને નથી તો બન્ને નથી.

**સ્યા૦-ઉપાધિથી થતું સુખ એ સુખ નથી પણ સુખ જુદું છે.**

દુઃખ ઉપાધિથી થાય છે પણ સુખ ઉપાધિથી થતું નથી. કર્મના સમ્બન્ધથી આત્મા દુઃખી થાય છે પણ સુખી થતો નથી, કારણ કે કર્મ ન હોય તો જ આત્મા સુખી છે. શુભ કર્મથી સુખનાં સાધનો મળે છે અને તેથી આત્મા સુખી થાય છે એ જે જણાય છે તે બરોબર-વાસ્તવિક નથી; કારણ કે પુણ્યકર્મથી દુઃખનાં સાધનો મળતાં નથી અને દુઃખ દૂર કરવાનાં સાધનો મળે છે. એટલે તે સાધનોથી જેટલે જેટલે અંશે દુઃખ દૂર થાય છે તેટલે અંશે આત્મા પોતાને સુખી સમજે છે. અર્થાત્ ત્યારે તેને દુઃખના નાશમાં સુખનો આરોપિત-ભ્રમ થાય છે પણ વાસ્તવિક સુખ તો જુદું જ છે.

જેમ કોઈ માણસને માથે ખૂબ બોજો હોય અને સખત તાપમાં થઇને તે આવતો હોય ત્યારે તેને માથેથી તે બોજ લઇ લેવામાં આવે ને શીતળ છાયામાં વિશ્રામ લે ત્યારે તેને હું સુખી થયો, મને સુખ મળ્યું એવું લાગે છે. પણ તે સ્પષ્ટ ભ્રમ છે. દુઃખ દૂર થયું તેને સુખ માની લીધું છે, તેથી જ કહેવાય છે કે 'भाराद्यपगमे सुखी संवृत्तोऽहम् उपचारात्' વળી કોઈને ખુજલી થઈ હોય ને ખૂબ ચળ આવતી હોય ત્યારે તેને ખણવામાં આવે તો સુખ થતું હોય એમ લાગે છે, પણ તે સુખ નથી. ખુજલીથી તીવ્ર ચળનું દુઃખ કાંઈક દૂર થાય છે, અને વિશેષ ખણવામાં આવે તો તે જ દુઃખ વધારી મૂકે છે. એટલે કર્મસંયોગથી આત્માને દુઃખ અને તેની અંશે અંશે ઉપશાન્તિ થયા કરે છે. દુઃખમાં દુઃખી ને તેની અંશથી થતી શાન્તિમાં સુખી લાગે છે; માટે કહ્યું છે કે—

तृषा शुष्यत्यास्ये पिबति सलिलं स्वादु सुरभि,
क्षुधार्तः सन् शालीन् कवलयति मांस्पाकवलितान् ॥
प्रदीप्ते कामाग्नौ दहति तनुमाश्लिष्यति वधूं,
प्रतीकारो व्याधेः सुखमिति विपर्यस्यति जनः॥

જો અન્ય વાસ્તવિક સુખ ન જ હોય તો તેનો આરોપ કે ભ્રમ ન થઈ શકે માટે આત્માનો સુખ નામનો એક ગુણ સ્વાભાવિક છે ને દુઃખ નથી.

એ જ રીતે વીર્ય, જ્ઞાન વગેરે આત્માના સ્વાભાવિક ગુણો છે પણ નિર્બળતા–અજ્ઞાન વગેરે કર્મથી થતા હોવાથી આત્માના ગુણો નથી. એટલે આત્મા એક પ્રકારનો નથી પણ અનેક પ્રકારનો છે.

( ૪ )

**બૌ૦–આત્મા ક્ષણિક છે.**

આત્માનું સ્વરૂપ ગમે તે હો પણ તે ક્ષણ માત્ર સ્થાયી-ક્ષણિક છે. વિશ્વમાં સર્વ પદાર્થો ક્ષણિક છે. '**यत् सत् क्षणिकम्**' માટે આત્મા પણ સત્ હોવાથી ક્ષણિક છે. વસ્તુ માત્ર ક્ષણિક છે તે પ્રમાણથી સિદ્ધ છે માટે સ્વીકારવું જોઈએ. જુઓ—

ઘટ, પટ વગેરે પદાર્થો નાશને પામે છે–સદાકાળ રહેતા નથી તે પ્રત્યક્ષ જણાય છે. એટલે ઘટ, પટાદિ વિનાશસ્વભાવ-વાળા હોય છે તે ચોક્કસ છે. હવે તેમાં બે વિકલ્પ છે: એક તો તેઓ એક ક્ષણ રહી બીજી ક્ષણે નાશ પામવારૂપ વિનાશી છે કે અમુક ચોક્કસ કાળ રહી પછી નાશ પામવારૂપ વિનાશવાળા છે. જો પ્રથમ પક્ષ હોય તો અમારી માન્યતા સિદ્ધ થાય છે, ને તેમ ન હોય તો જે ચોક્કસ કાળ નક્કી કર્યો છે ત્યાં સુધી તે તે પદાર્થો અવશ્ય રહેવા જોઈએ. વચમાં તેમાં કંઈ પણ પરિવર્તન ન થવું જોઈએ. વચમાં તેને નાશ કરવા માટે ગમે તેવા પ્રયત્નો કરવામાં આવે તો પણ તે નાશ ન પામવા જોઈએ.

પણ તેમ બનતું નથી. ગમે ત્યારે ગમે તે તેનો નાશ કરી શકે છે. નાનો બાળક પણ એક કાંકરી મારી ઘડાને ફોડી શકે છે, માટે અમોને અભિમત પ્રથમ પક્ષ જ આદરણીય છે અર્થાત્ જે કોઈ સત્ છે તે ક્ષણવિનાશી છે.

**સ્યા૦—ક્ષણ વિનાશમાં કોઈ કારણ ન હોવાથી તે મિથ્યા છે.**

વિનાકારણ કાર્ય બનતું નથી. વિનાશ એ એક કાર્ય છે.

તેના કારણો મળે ત્યારે જ તે કાર્ય થાય છે. ઘટ, પટાદિના નાશ માટે પણ જ્યારે વિનાશક કારણો પ્રાપ્ત થાય છે ત્યારે નાશ પામે છે એમ માનવામાં કોઈ પણ પૂર્વોક્ત આપત્તિ આવતી નથી. જ્યાં સુધી વિનાશની સામગ્રી મળતી નથી ત્યાં સુધી તે સ્થિર રહે છે. એટલે સન્માત્રને ક્ષણસ્થાયી જ માનવામાં કોઇ પ્રમાણ નથી.

**બૌ૦—પદાર્થ માત્રનો નાશ કાળ કરે છે.**

પદાર્થના નાશમાં તમે જે કોઈ કારણો સ્વીકારશો તેમાં કાળ પણ એક કારણ માનવું પડશે. કાળ સિવાયના બીજા કારણો ખરું જોતાં નકામા છે. સેંકડો વખત દેખાય છે કે વસ્તુના નાશનો સમય નથી હોતો ત્યારે તેના નાશ માટે ગમે તેટલા પ્રબળ પ્રયત્નો કરવામાં આવે તો પણ તે એમ ને એમ રહે છે. અને કંઈ પણ કારણ ન હોવા છતાં લાંબે કાળે દૃઢ ને મજબૂત વસ્તુ પણ નાશ પામી જાય છે. એટલે નાશનું ખરું કારણ કોઇ હોય તો તે કાળ જ છે. દરેક ક્ષણે તે કાળ-રૂપ નાશક વિદ્યમાન છે માટે પદાર્થ માત્રનો ક્ષણે ક્ષણે નાશ થાય છે માટે સર્વ ક્ષણિક જ છે.

**સ્યા૦—કાળને જ નાશક માનવામાં જગતની અસંભાવના.**

કાળથી જો પદાર્થ માત્ર દરેક ક્ષણે નાશ પામે છે, એમ માનવામાં આવે તો પદાર્થ માત્ર એક ક્ષણે નાશ પામી ગયા પછી કંઈપણ ઉપલબ્ધ થવું ન જોઇએ. પ્રત્યક્ષ જણાતા સર્વ પદાર્થો એ રીતે તમારે મતે નહિં સંભવે. દેખાતા ભાવોને સ્થિર કરવા તમે કાળને ઉત્પાદક પણ માનશો તો પણ કાળ માટે તે પ્રશ્નો કાયમ જ રહેશે. કાળ પણ ક્ષણિક છે, તો તેનો નાશક કોણ? તેને માટે નવીન કલ્પના કરશો તો અનવસ્થા

થશે. અને જો કાળના ઉત્પત્તિ ને વિનાશ સ્વયં માનશો તો અન્ય પદાર્થોના પણ ઉત્પત્તિ ને વિનાશ સ્વયં કેમ ન માનવા ? પદાર્થ માત્રના ઉત્પત્તિ, વિનાશ વિના કારણ સ્વયં માની લેશો તો કોઇપણ સ્થળે કાર્યકારણભાવની વ્યવસ્થા રહેશે નહિં.

બીજું કાળથી નાશ માનો કે સ્વયં નાશ માનો તો પણ પ્રત્યક્ષ જણાય છે કે પ્રથમ ક્ષણે જણાતો પદાર્થ અન્ય ક્ષણે પણ ઉપલબ્ધ થાય છે. અને કેટલાક કાળ પછી તે સર્વથા ઉપલબ્ધ નથી થતો ત્યાં શું ?

ક્ષણે ક્ષણે થતા નાશમાં ઉત્તરોત્તર નવીન ઉત્પન્ન થતા પદાર્થમાં સંસ્કાર આપવાની શક્તિ કલ્પશો તો તેમાં પણ ક્ષણિક-અક્ષણિકત્વની વિચારણા ચાલુ રહેશે.

માટે પદાર્થમાત્રમાં ક્ષણે ક્ષણે જે પરિવર્તન થાય છે તેટલે અંશે તેનો નાશ, જે રૂપે તે કાયમ રહે છે તે રૂપે તેનો અવિનાશ અને નવીન રૂપ જે ઉત્પન્ન થાય છે તે રૂપે ઉત્પત્તિ માનવામાં કોઇપણ બાધા આવતી નથી. સર્વથા ક્ષણિકત્વ તો કોઈ પણ રીતે સંભવતું નથી, માટે તમારી એ વિચારણા અસત્ય ને ત્યાજ્ય છે.

( ૫ )

**બૌ૦—આત્મા તો ક્ષણિક જ છે.**

અન્ય પદાર્થો ક્ષણિક હો કે અક્ષણિક તે સાથે અમારે નિસ્બત નથી. અમે તો જ્ઞાનસ્વરૂપ જે આત્મા છે તેને સર્વથા ક્ષણિક માનીએ છીએ. આત્મા ક્ષણે ક્ષણે જુદા જુદા જ્ઞાનરૂપે પ્રત્યક્ષ જણાય છે. જો ક્ષણિક ન હોય તો તેમ કેમ બને ? માટે આત્માને તો ક્ષણિક જ માનવો જોઇએ.

**સ્યા૦—આત્માને ક્ષણિક માનતા આવતા પાંચ દોષો.**

આત્માધીન વિશ્વની વ્યવસ્થા છે. આત્માને જો સર્વથા ક્ષણિક માનશો તો મહાભયંકર પાંચ દોષો ઉપસ્થિત થશે. તે આ પ્રમાણે—

**कृतप्रणाशाकृतकर्मभोग–भवप्रमोक्षस्मृतिभङ्गदोषान् ॥**
**उपेक्ष्य साक्षात् क्षणभङ्गमिच्छ–न्नहो महासाहसिकः परस्ते ॥**

**૧. કરેલ કર્મનો નાશ**—આત્મા જે કાંઇ શુભાશુભ કર્મ કરે છે તેનો તેને ભોગ કરવો પડે છે. કર્મ પોતાનું ફળ ઉત્પન્ન કરીને પછી નાશ પામે છે, ક્ષણિકવાદમાં તે નહિં ઘટે. કરેલ કર્મો ને તે કર્મવાળો આત્મા બન્ને સર્વથા નાશ પામી ગયા છે એટલે કૃતકર્મની વિફલતારૂપ પ્રથમ દોષ ક્ષણિકાત્મ-વાદમાં આવે છે.

**૨. નહિં કરેલ કર્મનો ભોગ**—આત્મા સુખ યા દુઃખ અનુભવતો હોય છે, તે પ્રત્યક્ષ સિદ્ધ છે. સુખદુઃખની વ્યવસ્થા કર્માધીન છે. આત્માને ક્ષણિક માનતા પૂર્વે કરેલ શુભાશુભ કર્મ અને તે આત્મા બન્ને નાશ પામ્યા છે. ચાલુ જે વેદન થાય છે તે કયા કર્મથી થાય છે? ઉદાસીન કોઇપણ નહિં કરેલ કર્મનું તે ફલ માનવું પડશે અથવા કર્મને અને આત્માને સ્થાયી સ્વીકારવા પડશે. એટલે એ રીતે અકૃતકર્મભોગ નામનો બીજો દોષ લાગે છે.

**૩. સંસારનો નાશ**—સંસાર એટલે ભવની પરંપરા. આત્માને ક્ષણિક માનતા તે ઘટી શકતી નથી. પ્રથમ તો ક્ષણિ-કાત્મવાદમાં પરલોક જ સંભવતો નથી. કૃતકર્માનુસાર પરલોક-ની પ્રાપ્તિ થાય છે. કર્મ અને આત્મા બન્ને સર્વથા નાશ પામ્યા પછી કોણ કોને આધારે અન્ય ભવમાં જાય? કદાચ પરલોક અને ભવપરમ્પરા માટે તમે એવી કલ્પના કરશો કે

એકચિત્ત બીજા ચિત્તનું અનુસંધાન કરે છે. તે ત્રીજા ચિત્તનું અનુસંધાન કરે છે. એમ યાવત્ મરણ પર્યન્ત ચિત્તનું અનુસંધાન ચાલે છે. અને એક ચિત્તે ગ્રહણ કરેલ સંસ્કાર અને કર્મ તે અન્ય ચિત્તને સોંપે છે. તે રીતે પરલોક અને ભવપરમ્પરા સંભવે છે, તે પણ વાસ્તવિક નથી.

ચિત્તના અનુસન્ધાન થવા અને એક બીજાના કર્મો અને સંસ્કારની આપલે કરવી તે એક બીજાને માનીએ તો જ સંભવે. ક્ષણે ક્ષણે સર્વથા નાશ પામતા પદાર્થો એકબીજા સાથે સંબન્ધ જ પામતા નથી તો લેવડદેવડ કરવાની વાત જ ક્યાં? ને એ રીતે સંસાર-ભવપરમ્પરાની અસંભાવનારૂપ ત્રીજો દોષ સંભવે છે.

**૪. મોક્ષની અસંભાવના**—ક્ષણિકાત્મવાદમાં મુક્તિ સંભવતી નથી. ફરી કર્મબન્ધ ન થાય અને રહેલ કર્મનો સર્વથા ક્ષય તેને મોક્ષ કહેવામાં આવે છે. મોક્ષ એ સર્વને અભિલષિત છે. જ્યાં પોતાને કાંઈપણ લાભ ન થતો હોય ત્યાં પ્રવૃત્તિ થતી નથી. આત્માને સર્વથા ક્ષણિક માનનારને મતે કોઈપણ આત્મા મોક્ષને માટે પ્રયત્ન કરશે નહિં; કારણ કે પ્રયત્ન કરનાર તો સર્વથા નાશ પામે છે. એટલે તે મુક્ત થતો નથી, મુક્ત થનાર તો કોઈ અન્ય જ રહે છે. એવો કોણ મૂખ હોય કે જે પોતાના વિનાશને નોતરી બીજાને દુઃખમુક્ત કરાવવા પ્રયત્ન સેવે. બીજું બન્ધવ્યવસ્થા જ ક્ષણિકાત્મ મતમાં ઘટતી નથી. જ્યારે કોઈને બન્ધન જ નથી તો મોક્ષની વાત જ ક્યાં? એ રીતે મોક્ષની અસંભાવનારૂપ ચોથો દોષ છે.

**૫. સ્મરણની અસંભાવના**—આત્માને ક્ષણિક જ માનનારને સ્મરણ પણ સંભવે નહિ. દેવદત્તે ખાધું હોય તેનો સ્વાદ યજ્ઞદત્તને આવતો નથી. જો એકનો અનુભવ અન્યને

પણ થતો હોય તો એકના સર્વજ્ઞ થવાની સાથે વિશ્વમાત્રને સર્વજ્ઞપણું થઇ જવું જોઇએ. એમ બનતું નથી, માટે જેણે અનુભવ્યું હોય તેને જ સ્મરણ થાય છે. આત્માને ક્ષણિક માનતા, અનુભવનાર અને સ્મરણ કરનાર બન્ને જુદા છે એ નિર્વિવાદ માનવું પડશે. અને એમ માનતા અનુભવ કોઇને થાય અને સ્મરણ કોઇને થાય એ કેમ બને ? માટે સ્મરણની અસંભાવના ક્ષણિકવાદમાં થાય છે. જ્યારે સ્મરણ સંભવતું નથી ત્યારે વિશ્વના ચાલતા વ્યવહારોની અવ્યવસ્થા ઊભી થાય છે.

વળી બુદ્ધે પોતે જે કહ્યું હતું કે—

**इत एकनवतेः कल्पे, शक्त्या मे पुरुषो हतः ॥**
**तेन कर्मविपाकेन, पादे विद्धोऽस्मि भिक्षवः ॥**

વગેરે વચનો મિથ્યા માનવા જોઇએ.

તમારામાંના કેટલાએક પદાર્થને ચાર ક્ષણ સ્થાયી માને છે ને કહે છે કે--(૧) પ્રથમ ક્ષણ ઉત્પત્તિ નામનો છે, તેમાં દરેક પદાર્થ ઉત્પન્ન થાય છે. (૨) બીજો ક્ષણ સ્થિતિ નામનો છે, તેમાં પદાર્થ સ્થિર રહે છે. (૩) ત્રીજો જીર્ણતા (જરા) નામનો ક્ષણ છે, તેમાં પદાર્થો જીર્ણ થાય છે-ખવાઇ જાય છે. (૪) ને ચોથો ક્ષણ વિનાશ નામનો છે. તેમાં સર્વ નાશ પામે છે. તે પણ તેમનું કથન અવાસ્તવિક છે. તેમાં પણ આ ઉપર બતાવેલ પાંચે દોષો કાયમ રહે છે, માટે આત્મા કે કોઇપણ પદાર્થ સર્વથા ક્ષણિક માની શકાય નહિ; પણ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપ માનવામાં આવે તો વ્યવસ્થા ચાલે છે.

**इत्यात्मवादे बौद्धमतखण्डनाख्यं तृतीयं प्रकरणम्**

# પ્રકરણ ચોથું

## વેદાન્તી નૈયાયિક અને સાંખ્યમતનું ખંડન

(૧)

### વેદાન્તી—આત્મા એક અને કૂટસ્થ નિત્ય છે.

તમોએ આત્મા ક્ષણિક નથી એમ જે સમજાવ્યું તે બરોબર છે, પરન્તુ વિશ્વનો વાસ્તવિક રીતે વિચાર કરતાં આ દેખાતું સર્વે મિથ્યા છે. એક ચિન્મય-બ્રહ્મ જ વાસ્તવિક છે. એટલે આત્મા પણ નિત્ય સચ્ચિદાનન્દમય એક ને કૂટસ્થ છે. માયાને યોગે વિવિધ પ્રકારનો ભાસે છે. કહ્યું છે કે—

**एक एव हि भूतात्मा, भूते भूते व्यवस्थितः ।**
**एकधा बहुधा चैव, दृश्यते जलचन्द्रवत् ॥**

### સ્યા—આત્મા અનેક છે ને પ્રપંચ પણ વાસ્તવિક છે.

તમે જે ચિદદ્વૈતવાદને આધારે આત્માનું એકત્વ જણાવો છો તે કોઈ પણ રીતે સંભવતું નથી. ગગનકુસુમ જેવા મિથ્યા પદાર્થોથી કાંઈ પણ કાર્ય થઇ શકે નહિ. પ્રપંચને તેવા પ્રકારનો માનવામાં આવે તો તેથી થતાં કાર્યો જે પ્રત્યક્ષ જણાય છે તેનું શું ? એકાન્ત ક્ષણિકવાદીને જે દોષો આવે છે તે દોષો પણ એકાન્ત નિત્યવાદને માનતા કાયમ જ રહે છે. માટે જ કહ્યું છે કે—

**माया सती चेद्द्वयतत्त्वसिद्धि–रथासती हन्त ! कुतः प्रपञ्चः॥**
**मायैव चेदर्थसहा च तत्किं, माता च वन्ध्या च भवत्परेषाम्॥**

માટે પ્રપંચને વાસ્તવિક માનવો એ જ યુક્ત અને દોષ-મુક્ત છે. પ્રપંચ માનો એટલે તેમાં જે વૈવિધ્ય જણાય છે તે સર્વ અનેક આત્માઓ માનવામાં આવે ત્યારે જ સંભવે. અન્યથા એકબીજાનું સમ્મિશ્રણ, એકને દુ:ખે અન્ય દુ:ખી, એકને સુખે બીજો સુખી થઇ જવો જોઇએ. ઇત્યાદિ દોષના નિવારણ માટે નવાનવા ઉપાયો ચિન્તવવા તે કેવળ બુદ્ધિની વિડમ્બના કરવા માત્ર છે. વસ્તુસ્થિતિથી વિરુદ્ધ જે કાંઇ કલ્પના કરવામાં આવે તે સર્વ પોતાને જ બંધનકર્તા થાય છે માટે અમે આગળ બતાવીશું તે પ્રકારે આત્માનું સ્વરૂપ માનવું એ જ ઉચિત છે.

(૨)

## નૈયાયિક—આત્મા વ્યાપક, મુક્તિમાં જડ અને પરમાત્માને આધીન છે.

આત્મા બે પ્રકારનો છે: એક પરમાત્મા અને બીજો જીવાત્મા.

૧. તેમાં જગત્ અને જીવાત્મા પર પરમાત્માની પૂર્ણ સત્તા છે. તે પરમાત્મા એક જ છે. તેને આધીન વિશ્વનું સર્વ તંત્ર ચાલે છે. કોઇને સુખી કે દુ:ખી કરવો એ સર્વ ઇશ્વરને હાથ છે. આ દુનિયાના સર્જક પણ ઇશ્વર છે. વિશેષ તો શું ? પણ ઇશ્વરની શક્તિ કે ઇચ્છા સિવાય ઝાડનું એક પાંદડું પણ ફરકી શકતું નથી.

૨. જીવાત્મા અનેક છે. જેટલાં શરીરો જણાય છે તે દરેકમાં એકએક જીવાત્મા રહેલ છે. તે સર્વ જીવાત્માઓ આ વિશ્વને વ્યાપી રહ્યા છે, કારણ કે વિશ્વમાં કોઈ પણ કાર્ય

જીવાત્માના અદૃષ્ટ કે ભાગ્ય વગર બનતું નથી. જે કાર્ય જે જીવાત્મા માટે બને છે તે કાર્યમાં તે જીવાત્માનું ભાગ્ય કારણ છે. ભાગ્ય અથવા અદૃષ્ટ એ આત્માનો ગુણ છે. ગુણ ગુણી સિવાય રહી શકતો નથી. એટલે શરીર બહાર જે આત્માને માટે જે કાંઈ કાર્ય થાય છે તે સ્થાને તે આત્માનું અદૃષ્ટ પણ રહેલ છે, એથી તે સ્થળે તે આત્મા પણ રહેલ છે એમ માનવું જોઇએ; માટે સર્વે આત્માઓ વ્યાપક છે.

૩. સુખદુઃખનું મૂળ જ્ઞાન છે. જ્ઞાન શરીરધારીઓને જ થાય છે. એટલે સુખદુઃખ પણ શરીરધારીને જ થાય છે. આત્મા જ્યારે બન્ધનોથી મુક્ત થાય છે ત્યારે દેહનો ત્યાગ કરે છે. વિષયો સાથે તેને કોઈ પણ જાતનો સમ્બન્ધ રહેતો નથી એટલે તેનામાં સુખ, દુઃખ, જ્ઞાન, દ્વેષ, ઈચ્છા, પ્રયત્ન, પુણ્ય, પાપ, સંસ્કાર એ ગુણો રહેતા નથી અર્થાત્ મુક્તાત્મા સંસાર-સંગ રહિત, નિષ્ક્રિય ને વિશેષ ગુણ વિનાનો હોય છે.

## સ્યા૦—પરમાત્મા જગત્થી અલિપ્ત છે ને જીવાત્મા શરીરવ્યાપી અને સર્વદા સગુણ છે.

૧. જગત્નો સર્જક અને સર્વતંત્રને ચલાવનાર જે પરમાત્મા તમે માનો છો તે દેહયુક્ત છે કે દેહમુક્ત ? રાગી છે કે વીતરાગ ? કૃપાળુ છે કે ક્રૂર ? સ્વતન્ત્ર છે કે પરતન્ત્ર ? સર્વજ્ઞ છે કે અલ્પજ્ઞ ? કહેશો કે—દેહવાળો, સરાગ, ક્રૂર, પરતન્ત્ર ને અલ્પજ્ઞ છે, તો તેમાં જીવાત્મા કરતાં કંઇ પણ વિશેષતા ન રહી; માટે તે પરમાત્માપદને જ અયોગ્ય છે. એવા જો પરમાત્મા મનાતા હોય તો કોણ પરમાત્મા નથી? અને જો કહેશો કે તે દેહમુક્ત, વીતરાગ, કૃપાળુ, સ્વતન્ત્ર ને સર્વજ્ઞ છે, તો તેને આવું અપૂર્ણ અને અનેક દોષોથી પૂર્ણ જગત્ બનાવવાનું શું પ્રયોજન છે ? પ્રયોજન વગર મન્દ પણ

પ્રવૃત્તિ કરતો નથી, તો પછી સર્વજ્ઞ-સ્વતન્ત્ર પરમાત્મા તો કેમ પ્રવર્તે ? માટે જ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજે કહ્યું છે કે:—

अदेहस्य जगत्सर्गे, प्रवृत्तिरपि नोचिता ।
न च प्रयोजनं किञ्चित्, स्वातन्त्र्यान्न पराज्ञया ॥
क्रीडया चेत् प्रवर्तेत, रागवान् स्यात् कुमारवत् ।
कृपयाऽथ सृजेत्तर्हि, सुख्येव सकलं सृजेत् ॥
दुःखदौर्गत्यदुर्योनि-जन्मादिक्लेशविह्वलम् ।
जनं तु सृजतस्तस्य, कृपालोः का कृपालुता ? ॥
कर्मापेक्षः स चेत्तर्हि, न स्वतन्त्रोऽस्मदादिवत् ।
कर्मजन्ये च वैचित्र्ये, किमनेन शिखण्डिना ? ॥
अथ स्वभावतो वृत्ति-रवितर्क्या महेशितुः ।
परीक्षकाणां तर्ह्येष, परीक्षाक्षेपडिण्डिमः ॥

માટે તેવા પ્રકારનું પરમાત્માનું નિર્વચન તે પરમાત્મને જ વિડમ્બિત કરવા જેવું છે, પરન્તુ ખરા પરમાત્માંઓ તો જે જીવાત્માઓ સકલ કર્મ વિમુક્ત બની પૂર્ણ જ્ઞાની, અવ્યાબાધ સુખમાં લીન, સ્વસ્વરૂપમાં તન્મય બની પરમપદ પામે છે તે જ છે. તેની ઉપાસનાથી આ જીવાત્મા તેમના તુલ્ય બને છે. વિશ્વને સમ્પૂર્ણ આદર્શ ચરિત્ર અને પરમ સુખના માર્ગનું દર્શન કરાવવાપૂર્વક કોઈની પણ અવનતિ કે કષ્ટમાં કારણભૂત ન થવું ને અન્તિમ ભવ ભોગવી સિદ્ધશિલામાં શાશ્વત થવું એ જ વાસ્તવિક પરમાત્મપણું છે.

૨. શરીરની બહાર વિશ્વવ્યાપી આત્મા માનવો તે પણ ઉચિત નથી. શરીરની બહાર આત્માને માટે કાર્ય થાય

છે, માટે ત્યાં તેનું ભાગ્ય છે ને તેથી ત્યાં આત્મા છે એ તો કેવળ કાલ્પનિક સૃષ્ટિ જેવું છે. વાસ્તવિક જ્યાં જેનો ગુણ દેખાય ત્યાં જ તે વસ્તુ હોય છે. જ્ઞાનાદિ આત્માનાં ગુણો શરીરમાં ઉપલબ્ધ થાય છે, માટે આત્મા પણ શરીરમાં જ છે. જે માટે કહ્યું છે.

**यत्रैव यो दृष्टगुणः स तत्र, कुम्भादिवन्निष्प्रतिपक्षमेतत् ।**
**तथापि देहाद्बहिरात्मतत्त्व-मतत्त्ववादोपहताः पठन्ति ॥**

લોહચૂમ્બક દૂરથી પણ લોહને ખેંચે છે તે જ પ્રમાણે શરીરમાં રહેલ આત્માનું ભાગ્ય દૂર દૂર પણ તેને માટે ફળ ઉત્પન્ન કરી શકે છે. એ પ્રમાણે કોઈપણ દૂષણ આવતું નથી. ઊલટું આત્માને વિશ્વવ્યાપી માનતા તેમાંથી ઉત્પન્ન થતાં દૂષણોના નિવારણ માટે નવી નવી મિથ્યા ભાંજગડમાં ઉતરવાની પંચાત કરવી પડશે.

૩. જ્ઞાન શરીરધારીઓને જ થાય છે તે તો તમને પણ માન્ય નથી. ઈશ્વર શરીરમુક્ત છતાં જ્ઞાની છે, માટે મુક્ત જીવાત્મા જ્ઞાનાદિ ગુણમુક્ત હોય છે તેમ માનવું મિથ્યા છે. જ્ઞાન, સુખ, વીર્ય વગેરે આત્માના સ્વતઃ સિદ્ધ ગુણો છે. કર્મ તેને દબાવે છે. ઈન્દ્રિયોથી થતું જ્ઞાન કે વિષયોથી મળતું સુખ મુક્તાત્માને ન માનવા કોઇપણ વિરોધ નથી પણ વાસ્તવિક જ્ઞાન અને શાશ્વત સુખાદિ તો મુક્તાત્માને પણ છે. જો એ ન માનવામાં આવે તો મુક્તાત્મા અને જડ એ બેમાં ફેર કાંઈપણ રહે માટે મુક્તાત્મા અનન્ત, અવ્યાબાધ, અનન્ય જ્ઞાન-સુખ-વીર્યાદિયુક્ત છે.

( ૩ )

**સાંખ્ય—આત્મા નિત્યનિર્ગુણી છે ને બન્ધમોક્ષ પ્રકૃતિને થાય છે.**

અમારે મતે આત્માનું સ્વરૂપ આ પ્રમાણે છે—

**अमूर्तश्चेतनो भोगी, नित्यः सर्वगतोऽक्रियः ।**
**अकर्ता निर्गुणः सूक्ष्म, आत्मा कापिलदर्शने ॥**

કપિલ (સાંખ્ય) દર્શનમાં આત્મા અમૂર્ત, ચેતન, ભોક્તા, નિત્ય, સર્વવ્યાપી, ક્રિયાવગરનો, અકર્તા, ગુણશૂન્ય ને સૂક્ષ્મ છે. વ્યવહારના સર્વતન્ત્રને ચલાવનાર પ્રકૃતિ છે. તેનું સ્વરૂપ આ છે-'**सत्त्वरजस्तमसां साम्यावस्था प्रकृतिः**' આ પ્રકૃતિ બંધાય છે. પુરુષ-આત્મા બંધાતો નથી. પુરુષ ને પ્રકૃતિનો પાંગળા ને આંધળા* જેવો સંયોગ છે. પ્રકૃતિના બંધ મોક્ષ માટે કહ્યું છે કે—

**रङ्गस्य दर्शयित्वा, निवर्तते नर्तकी यथा नृत्यात् ।**
**पुरुषस्य तथात्मानं, प्रकाश्य विनिवर्तते प्रकृतिः ॥**

સભાજનોને નાચ બતાવીને જેમ નટી ચાલી જાય છે તેમ પ્રકૃતિ પણ પુરુષને પોતાને બતાવીને છૂટી થાય છે.

**સ્યા૦—આત્મા સગુણ-કર્તા ને નિત્યાનિત્ય છે. બન્ધમોક્ષ પણ આત્માને જ થાય છે.**

અચેતન પદાર્થ કર્તા માની શકાય નહિં. કર્તા વગર વિશ્વનો

---

* જેમ પાંગળો ચાલી શકતો નથી અને આંધળો દેખી શકતો નથી. પણ પાંગળો અને આંધળો બન્ને ભેગા થાય અને આંધળો પાંગળાને ઉપાડી લે, પછી પાંગળો માર્ગ બતાવે તેમ આંધળો ચાલે ને ઇચ્છિત સ્થળે પહોંચે. તેમ પુરુષ પાંગળો (અકર્તા) છે પણ ચેતન છે અને પ્રકૃતિ આંધળી (ચૈતન્યશૂન્ય) છે પણ કર્તા છે. એટલે બન્નેના સહકારથી સર્વ વ્યવસ્થા ચાલે છે.

વ્યવહાર ચાલતો નથી માટે ચેતનને જ કર્તા માનવો જોઇએ. કર્મનો કર્તા આત્મા નથી તો ભોક્તા પણ ન હોવો જોઇએ. તમે ભોકતા તો આત્માને માનો છો, માટે કર્તા પણ માનવો જોઇએ. આત્મા સર્વવ્યાપી નથી તે અમે પૂર્વે નૈયાયિક અને વેદાન્તીને કહ્યું છે. આત્મા ગુણશૂન્ય છે તે તો તમારું સસલાને શિંગડાવાળો સમજવા જેવું મહાસાહસ છે. દ્રવ્ય કદી ગુણશૂન્ય હોતું જ નથી. આત્મા એક દ્રવ્ય છે, માટે તેમાં જ્ઞાનાદિ ગુણો અનુભવસિદ્ધ છે તે માનવા જોઇએ, તેનો અપલાપ કોઇ રીતે થઇ શકે નહિં. એકાન્ત નિત્ય અને સૂક્ષ્મ માનવામાં પૂર્વે જણાવેલ અનેક દોષો કાયમ રહે છે, માટે તેને નિત્યાનિત્ય ને શરીરવ્યાપી–મહાન્ માનવો ઉચિત છે.

પ્રકૃતિ બંધાય છે ને મુકાય છે. પણ આત્માના બંધમોક્ષ થતા નથી. એ તો સર્વ કરતાં ઊંધું છે. બંધન અન્યને થાય ને તેનાથી નીપજતા ફળ અન્ય ભોગવે તે પણ ઘણું વિચિત્ર છે, માટે બન્ધન અને મોક્ષ પણ આત્માને જ થાય છે.

એ પ્રમાણે સ્યાદ્વાદીએ સર્વ દર્શનો જે આત્માના સમ્બન્ધમાં વિપરીત વિચારણા ધરાવતા હતા તે યુક્તિપૂર્વક દૂર કરી.

**इत्यात्मवादे वेदान्तन्यायसाङ्ख्यमतखण्डनाख्यं चतुर्थं प्रकरणम् ॥**

# પ્રકરણ પાંચમું.

## જૈનદર્શન પ્રમાણે આત્માનું ટૂંક સ્વરૂપ.

**સ્યાદ્વાદી**—આત્મા નામનો એક પદાર્થ છે તે નક્કી થયું અને તેના સમ્બન્ધમાં જુદી જુદી વિચારણાઓ બરોબર ન હતી તે સમજાયું એટલે આત્માનું ખરું સ્વરૂપ શું છે તે સમજવું જોઇએ. તે આ પ્રમાણે છે—

૧. આત્મા નાનો નથી તેમ મોટો નથી, પણ આત્મા જેટલા પ્રમાણનું શરીર ગ્રહણ કરે છે તેટલા પ્રમાણવાળો હોય છે. જેમ દીપ ઉપર જેટલું આચ્છાદન (ઢાંકણુ) મૂકવામાં આવે તેટલા વિસ્તારમાં તેની પ્રભા હોય છે તેમ આત્મા પણ શરીર જેટલા પ્રમાણવાળો હોય છે.

૨. આત્મા એક નથી અનેક છે. અનેક તો શું પણ જેની ગણુત્રી ન થઇ શકે, જેનો પાર ન પામી શકાય તેટલા અનન્તાનન્ત છે. જો તેટલા ન માનવામાં આવે તો કોઈ સમય એવો આવે કે સંસાર આત્મશૂન્ય થઇ જાય. ગણુત્રીવાળા પદાર્થોનો વિનાશ અનિવાર્ય હોય છે, માટે કહ્યું છે કે—

**मुक्तोऽपि वाऽभ्येतु भवं भवो वा, भवस्थशून्योऽस्तु मितात्मवादे ।**
**षड्जीवकायं त्वमनन्तसङ्ख्य-माख्यस्तथा नाथ ! यथा न दोषः**

૩. આત્મા જ્યાંસુધી સંસારમાં છે ત્યાંસુધી કર્મથી

આવૃત છે. તે કર્મને લઇને તેની જ્ઞાનશક્તિ-દર્શનશક્તિ-ચારિત્રશક્તિ-વીર્યશક્તિ વગેરે દબાયેલ છે. કોઇ પૂછે કે આત્મા ને કર્મનો સમ્બન્ધ ક્યારથી થયો? તેના ઉત્તરમાં એમ જ કહી શકાય કે તે અનાદિ છે. કેટલાએ પદાર્થો જ એવા હોય છે જેની શરુઆત હોતી જ નથી, પરમ્પરા ચાલ્યા જ કરતી હોય છે. સોના ને માટીના સમ્બન્ધમાં પણ વ્યવહારમાં એ જ પ્રમાણે કહેવાય છે. અને જે પ્રમાણે જેની આદિ જાણવામાં નથી એવા સોનાને પણ માટીથી જુદું પાડી શુદ્ધ બનાવી શકાય છે તે જ પ્રમાણે આત્મા પણ અનાદિ કર્મ સંયુક્ત હોવા છતાં તેથી છૂટો કરી શકાય છે.

૪. આત્માને સંસારમાં રહેવાના સુખ-દુઃખમય સ્થાનો નીચે પ્રમાણે છે. સૂક્ષ્મનિગોદ-બાદરનિગોદ (સાધારણવનસ્પતિ) એ સ્થળે આત્મા અત્યન્ત દુઃખી હોય છે. એક સાથે એક જ શરીરમાં અનંત જીવો સાથે રહેવું પડે છે. વારંવાર જન્મ મરણ ચાલુ જ હોય છે. ત્યાંથી પછી સૂક્ષ્મ ને બાદર પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુકાયમાં એક સાથે અસંખ્યાત જીવો સાથે રહેવું પડે છે. ત્યારબાદ ક્રમશઃ જીવને રહેવાને શરીરનો વિકાસ પ્રાપ્ત થાય છે. પ્રત્યેક વનસ્પતિમાં એક શરીરમાં એક જ જીવ રહે છે. પછી અનુક્રમે બેઇન્દ્રિય, ત્રિ-ઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, નારક, તિર્યંચપંચેન્દ્રિય, મનુષ્ય ને દેવ, તેમાં તિર્યંચ સુધી આત્માને ઘટતું પણ વિશેષ દુઃખ હોય છે. મનુષ્યોમાં સુખદુઃખ સમાન રહે છે. જ્યારે દેવોમાં વિશેષ સુખ અને અલ્પ દુઃખ હોય છે. આ સર્વ છતાં તેમાં શાશ્વતસુખ મેળવવાનો અધિકાર કેવળ મનુષ્યને જ છે.

૫. આત્માનો સંકોચ વિકાસ સ્વયં નથી થતો અર્થાત્ આત્મા નાનો યા મોટો જે થાય છે તે કર્મને યોગે થાય છે.

એટલે આત્મા જ્યારે મુક્ત થાય છે ત્યારે જે શરીરનો તે સદાને માટે ત્યાગ કરે છે તેમાંથી ⅓ ભાગ ન્યૂન થઇ ⅔ ભાગે ઘન થઇને સિદ્ધિમાં રહે છે. ⅓ ભાગ ઘટવાનું કારણ તે છે કે માનવ શરીરમાં ⅓ ભાગ પોલાણુ ભાગ હોય છે. ત્યાં આત્મા હોતો નથી. કર્મમુક્ત થયા બાદ તે ભાગ પૂરાઇ જાય છે.

૬. આત્માના વિભાગ કરવામાં આવે અર્થાત્ આત્મામાંથી નાના નાના અણુઓ છૂટા પાડવામાં આવે તો તેવા અણુઓ અસંખ્યાતા નીકળે છે. જો કે તે અણુઓ છૂટા પડી શકતા નથી માટે તે દરેક ભાગને [1]પ્રદેશ કહેવામાં આવે છે. ને તેથી આત્મા અસંખ્યાત પ્રદેશવાળો છે, તે સર્વ પ્રદેશોથી પરિપૂર્ણ આત્મા જ આત્મા કહેવાય છે. કેવળી સમુદ્ઘાતના ચોથે સમયે વિશ્વવર્ત્તી આકાશના પ્રદેશે પ્રદેશે આત્મા પોતાના પ્રદેશો ભરી દે છે.

૭. આત્મા એક પરિણામી પદાર્થ છે. તે કોઇ વખત સુખી તો કોઇ વખત દુઃખી હોય છે. કોઈ સમય જ્ઞાની તો કોઇ સમય અજ્ઞાની, કોઇ સમય પુરુષ, સ્ત્રી, યા નપુંસકરૂપે હોય છે એમ અનેકવિધ પરિણામને અનુભવે છે. મુક્તાત્માને તેવા પ્રકારના વિશ્વના વિવિધ પરિણામો હોતા નથી. એથી કોઈ એમ માનતું હોય કે એક વખતનો મૂર્ખ તે મૂર્ખ જ, દુઃખી તે દુઃખી જ, પુરુષ તે પુરુષ જ, સ્ત્રી તે સ્ત્રી જ ને પશુ તે પશુ જ રહે છે તે મિથ્યા છે; અસત્ય છે.

૮. આત્માઓના સ્વભાવો જુદા જુદા હોય છે ને તેને આધારે તેની જુદી જુદી જાતિઓ પણ સ્વયં સિદ્ધ છે. કેટ-

---

૧. પદાર્થમાંથી છૂટો ન પડી શકે તેવો નાનામાં નાનો ભાગ તે પ્રદેશ કહેવાય છે ને છૂટો પડી શકે તે પરમાણુ કહેવાય છે.

લાએ આત્માઓને ધર્મ-મોક્ષ વગેરે પદાર્થો પ્રત્યે રુચિ થાય છે, તો કેટલાએકને રુચિ થતી જ નથી. જ્યારે કેટલાએક આત્માઓ એવી સ્થિતિમાં જ મુકાયા હોય છે કે જેઓને રુચિ થવાનો યોગ પણ પ્રાપ્ત થતો નથી. કેટલાએકને તો છતે યોગે દુર્લક્ષ્ય રહે છે, તેથી તે તે સ્વભાવને કારણે તેઓ ભવ્ય, અભવ્ય, જાતિભવ્ય ને દુર્ભવ્યને નામે વ્યવહારાય છે. ભવ્ય આત્મા સામગ્રી પામીને ક્રમે ક્રમે વિકાસ સાધતો આખર પરમાત્મા બને છે. આ સર્વ આત્માઓનું લક્ષણ આ છે—

**यः कर्ता कर्मभेदानां, भोक्ता कर्मफलस्य च ।**
**संसर्ता परिनिर्वाता, स ह्यात्मा नान्यलक्षणः ॥**

બતાવેલ આત્માના સ્વરૂપ માટે નીચે પ્રમાણે કથન છે.

**आत्मास्ति परिणामी, बद्धः स तु कर्मणा विचित्रेण ।**
**मुक्तश्च तद्वियोगा–द्धिंसाऽहिंसादि तद्धेतुः ॥**

આત્માનો યથાર્થ આનન્દ મેળવવા માટે તથ્ય આત્મસ્વરૂપનું અહોનિશ શ્રવણ-મનન કરો ને અનાવૃત આત્મસ્વરૂપ મેળવો એ જ.

**इत्यात्मवादे जैनदर्शनाभिमतात्मस्वरूपविवेचनाख्यं पञ्चमं प्रकरणम् ॥**

## आत्मवादः सम्पूर्णः ॥

**शासनसम्राट्-सर्वतन्त्रस्वतन्त्र-सूरिचक्रचक्रवर्ति-पूज्याचार्य-**
**महाराजश्रीविजयनेमिसूरीश्वरमहाराजानां**
परदर्शनात्मविचारखण्डनपुरस्सरस्वदर्शनात्मविचारमण्डनात्मकः

## स्वाध्यायः ।

**( गीयते प्राभातिक-रागेण )**

जयति जिनशासने सूरिसम्राड् गुरु-**र्नेमिसूरिः** सकलतत्त्वसिन्धुः ॥
श्रुतनिधिः सेवधिः सद्गुणानामयं, करुणरसजलधिसमसत्त्वबन्धुः ॥१॥
आत्मानोऽभावसिद्ध्यै मुधा **नास्तिकै**-र्यत्यते सर्वयत्नेन नित्यम् ॥
युक्तियुक्तं यतस्तत्र प्रतिबन्धकं, भवति यद्वचनरचनं नु सत्यम् ॥२॥
चित्स्वरूपं क्षणस्थायिनं **सौगतः**, सर्वदा चेतनं वक्त्यगौणम् ॥
किन्तु यद्वचनहतशेषशक्तिः सदो-मध्यमध्यासितो भजति मौनम्॥३॥
यत्प्रभाभूतिभिर्भीतभीतैश्चिद-**द्वैतवादै**ररण्यं प्रयातम् ॥
मायया संयुतं ब्रह्म तत्रापि तैः, स्वीकृतं 'घट्टकुट्यां प्रभातम्' ॥४॥
देहिनो व्यापकत्वं विदेहात्मनो, रहिततां संविदादेर्वदन्ति ॥
**कणभुजो गौतमा** यत्समीपे परं, गोतमीभूय मूका भवन्ति ॥५॥
ज्ञपयितुं चेतनं सकलकरणैरक-र्तारमिह **कापिलाः** संयतन्ते ॥
येन संशिक्षिताः कर्तुमालोचनां, मूर्ध्नि नित्यं त्रिदण्डं वहन्ते ॥६॥
शाश्वतं नश्वरं जन्यमपि सम्भवे-दात्मतत्त्वं **ह्यनेकान्तवादे** ॥
नान्यथा बन्धमोक्षव्यवस्था भवेत्, स्थापितं येन विद्वद्विवादे ॥७॥
**दर्शनोदयकरो नन्दनो** धीमतां, सर्वथा बाल्यतो ब्रह्मचारी ॥
**विश्वविज्ञानवित् पद्मपादः** प्रमो-**दामृतापूर्ण-लावण्यधारी** ॥८॥
इत्थं मया **श्रीविजयादिनेमिः, सूरिः** स्तुतस्तर्कविचारगर्भम् ॥
श्रीतीर्थरक्षोद्धारणादिकार्ये, **धुरन्धरः** स्तात्सुखदायको मे ॥९॥
॥ इत्यात्मतत्त्वविचारमण्डनात्मकः श्रीविजयनेमिसूरीश्वरस्वाध्यायः ॥

શ્રી. જૈન સાહિત્ય વર્ધક સભા તરફથી

## પ્રકાશિત થયેલા ગ્રંથો

| | | | |
|---|---|---|---|
| ૧. | પરમાત્મસંગીતરસસ્રોતસ્વિની | ... | ૦-૮-૦ |
| ૨. | સપ્તસંધાન મહાકાવ્ય-સટીક | ... | ૪-૦-૦ |
| ૩. | સાહિત્યશિક્ષામંજરી-(લેજર પેપર) | ... | ૨-૦-૦ |
| | ,, (ગ્લેજ પેપર) | ... | ૧-૮-૦ |
| ૪. | વૈરાગ્યશતક-સવિવેચન | ... | ૧-૦-૦ |
| ૫. | તત્ત્વાર્થસૂત્ર-સાનુવાદ | ... | પ્રેસમાં |
| ૬. | શ્રી. આદિજિન પંચકલ્યાણપૂજા | ... | ૦-૪-૦ |
| ૭. | શ્રી. ગિરનારજીતીર્થનો પરિચય | ... | ૦-૪-૦ |
| ૮. | સંગીતસ્રોતસ્વિની (નાની) | ... | ૦-૬-૦ |
| ૯. | ઇન્દુદૂત-(ખંડ કાવ્ય) સટીક | ... | ૨-૦-૦ |
| ૧૦. | નિહ્નવવાદ | ... | ૩-૦-૦ |
| ૧૧. | શિવભૂતિ (દિગમ્બરમતપ્રવર્તક) | ... | ૦-૩-૦ |
| ૧૨. | નયવાદ (નયકર્ણિકા-મૂળ-સાથે) | ... | ૦-૪-૦ |
| ૧૩. | આત્મવાદ | ... | ૦-૧૦-૦ |
| ૧૪. | વિચાર-સૌરભ | ... | ૦-૩-૦ |

### હવે પછી પ્રકાશિત થનારા ગ્રંથો

૧. લક્ષણાર્થ ચંદ્રિકા ૨. સિદ્ધાન્ત લક્ષણ ગુઢાર્થ તત્ત્વાલોક-પ્રકાશ. ૩. મુદ્રિત કુમુદચન્દ્ર-સટીક. ૪. સૂક્તિસુધા સ્રોતસ્વતી ૫. ખંડખાદ્યમૂળ-સટીક.